one who has attained salvation. भग० २, १: —पज्जत्तग. त्रि० (पर्याप्तक) એક સમય વીત્યા પછી બીજે ત્રીજે આદિ સમયે પર્યાપ્ત થયેલ. दुसरे तीसरे आदि समयमें पर्याप्त बनाहुवा. One who has attained a full development of the characteristics of the body into which his soul is to incarnate, after second or third "Samaya." भग० २६, ६; ३३, ६; —परूढ. त्रि० (-प्ररूढ) પરંપરાથી રૂઢ થએલું. परंपरासे आयाहुआ. Conventional. भग० ११, ११: —बंध पुं० (-बन्ध) એક સમયથી વધારે સમયનો થયેલ બંધ. द्वि त्रि आदि समयका बन्ध. A relation of soul and "karma" taking place after more than one "Samaya." भग० २०, ७; —सिद्ध. पुं० (-सिद्ध) એક સમય પહેલાં બીજા ત્રીજા આદિ સમયમાં થયેલ સિદ્ધ ભગવાન. दो तीन आदि समयसे सिद्धिपद पाये हुवे. One who attains salvation during the second or the third "Samaya." नदी० २८; पन्न० १; ठा० २, १: भग० २५, ४:

परंपरा. स्त्री० (परम्परा) નિરવચ્છિન્ન પ્રવાહ; ચાલુ પરિપાટી. अखंडित प्रवाह. A continuous following; a continuous custom. नाया० ४; सम० ६; पिं० नि० १८५:

परंभर. त्रि० (परभर) બીજાનું ભરણ પોષણ કરનાર. अन्यका भरण पोषण करने वाला. One who supports another person; one who maintains others. ठा० ४, ३;

परंमुह. त्रि० (पराङ्मुख) વિમુખ; વિરૂદ્ધ; વિપરીત उलटा मुख करनेवाला; प्रतिपक्षी. Opposite: Contradictory; an antagonist; an opponent. नाया० १४; भग० ६, ३३; दस० ६, ३, ६; विवा० १; सूय० १, ३, ४, ६; विशे० २२७२; ओघ० नि० ४८;

परकीय. त्रि० (परकीय) પારકું परसंबंधी; दुसरेका. Belonging to another person. विशे० ४१;

परकंत. न० (पराक्रान्त भावे क्तः) પરાક્રમ; પુરૂષાર્થ. प्रयत्न; उद्यम. Exploit or valour; manly effort. सूय० १, ८, २२;

√पर+क्कम. धा. I. (परा+क्रम्) પરાક્રમ કરવું; પ્રયત્ન કરવો. पराक्रम करना; प्रयत्न करना. To try; to make an effort; to venture.

परक्कमिज्जासि. आया० १, ६, ४, १६३;

परक्कमेज्जा. दसा० १०, ३:

परक्कमिज्जा. दस० ८, ४१:

परक्कममाण. दसा० १०, ८;

परक्कम. पुं० (पराक्रम) સામર્થ્ય: મર્દાનગી; ૪૯ કાર્યસાધક બલ. पौरुष: शक्ति Manliness; strength to succeed. नाया० १; ८; १६; भग० १, ३; १७, २; पन्न० २३: दस० ५, १, ४: सूय० २, ७, ७; ठा० १, ४; अणुजो० १३०: उत्त० ६, २१; २६, १;

परक्कमियव्व. त्रि० (पराक्रमितव्य) પરાક્રમ કરવા યોગ્ય. पराक्रम करने योग्य. What ought to be tried; what ought to be ventured; worth aimning at. भग० ६, ३३;

परग. पुं० (परक) જેનાથી ફૂલ ગુંથાય તેવા તૃણ વિશેષ. फूल गुंथनेका एक जातिका तृण. A kind of straw; a kind of grassy fibres to wreathe a garland of flowers. सूय० २, २, ७; आया० २, २, ३, १८; (२) ધાન્ય વિશેષ; બંટી. धान्यकी एक जाति. A kind of corn. सूय० २, २, ११; (३) ઘાસનું ભાજન વિશેષ; તૃણ વિશેષની બનેલ છાબ. एक जातिका तृणका भाजन A straw-plate. आया० २, १, ११, ६२; २, १, १, १००; जीवा० ३;

परग्घ. त्रि० (परार्घ्य) મોંઘું; બહુ મુલું बहोत किम्मती. Extremely valuable; very costly. दस० ७, ४३;

परज्झ. त्रि० (परध्य=पराधीन) પરવશ; પરતંત્ર. पराधीन; परवश. Dependent. उत्त० ४, १३;

परतंत. त्रि० (परतन्त्र) પરાધીન. परवश. Dependent. सु० च० ११, ५४; विशे० १८६७;

परत्थ. अ० (परत्र) પરલોકમાં. अन्य लोकमें. In another world. (२) અન્ય સ્થળે. दूसरे स्थलमें. At any other place. सूय० १, ७, ४; उत्त० १, १५;

परम. त्रि० (परम) ઉત્કૃષ્ટ; વધારેમાં વધારે. सबमें अधिक. Highest or greatest. भग० २, १; ३, १; १४, १; १६, ५; नाया० १; ८; १६; जीवा० ३; दस० ६, २, २; (२) શ્રેષ્ઠ. उत्तम; अच्छा. Best. उत्त० २, २६; (३) અત્યંત; ઘણું. बहोत; ज्यादा. Most considerable. ओव० ११; सम० १५; पगह० १, ३; (४) મોક્ષ. मुक्ति. Salvation. उत्त० ३, १; (५) પ્રધાન; મુખ્ય. प्रधान; अग्रेसर. Chief or principal. क्रम० ६, ३, ८; (६) સંયમ; ચારિત્ર. Character; a higher type of asceticism. सूय० १, ९, ६; राय० २२५;

—**अंग.** न० (अङ्ग) મોક્ષનું અંગ-સાધન. मुक्तिका कारण. A way to salvation; a key to success to attain the highest bliss. उत्त० ३, १.

—**आउय.** न० (-आयुष्य) ઉત્કૃષ્ટ આઉખુ. परम आयुष्य. A longest life. विवा० १; नाया० १;

—**आउस.** त्रि० (-आयुष्) ઉત્કૃષ્ટ આયુષ્યવાળો. परम आयुष्यवान्. A person or being of long age; a person or a being living a longest life. भग० ७, ६;

—**आणंद.** पुं० (-आनन्द) ઉત્કૃષ્ટ સુખ. बहोत आनंद. The highest bliss; greatest happiness नाया० १५;

—**आहोहिय.** न० (-आधोऽवधिक) ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન વિશેષ. परम अवधिज्ञान विशेष. A kind or a class of the highest visual knowledge. भग० ७, ६; १४, १०; १८, ८;

—**ओहि.** न० (-अवधि) પરમ અવધિજ્ઞાન. उत्कृष्ट अवधिज्ञान. The highest type of the highest

visual knowledge. प्रव० ७००; —ओहिन्नाण. न० (-अवधिज्ञान) પરમ ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન. परमोत्कृष्ट अवधिज्ञान. too high visual knowledge. विशे० ५६८; ६८६; —ओहिअ. न० (-अवधिक) શ્રેષ્ઠ અવધિજ્ઞાન. श्रेष्ठ अवधिज्ञान. the high visual knowledge भग० १, ४; —किगह त्रि० (-कृष्ण) બહુ કાળું. बहुत काला. jet-black. भग० १, ५; ६, ५;—(म) ग्गसूर. पुं० (-अग्रशूर) ખાસ મુખ્ય યોદ્ધા; મોખરે; અગ્રેસર. प्रमुख योद्धा; वीर नायक. the van guard. दस० ६, ३, ८, —तत्त. न० (-तत्त्व) પરમ તત્વ. परम तत्व. the highest reality. सत्त० ५३; —दंसि त्रि० (-दर्शिन) મોક્ષ અથવા મોક્ષનું કારણ જે સંયમ, તેને જાણનાર-જોનાર. मोक्ष का कारण संयमको जानने तथा देखने वाला (one) who knows " Restraint " which is Salvation or a cause of it आया० १, ३, २, १११; —दुच्चर. त्रि० (दुश्चर) અત્યન્ત કઠિન; દુષ્કર अत्यन्त कठिन; दुष्कर. very difficult. दस० ६, ५; —दुरभिगंध. त्रि० (-दुरभिगंध) અત્યંત દુર્ગન્ધ વાળું अत्यन्त दुर्गन्ध-वाला. possessing bad smell दसा० ६, १; —निरुद्ध. त्रि० (-निरुद्ध) પરમ સૂક્ષ્મ; ઝીણામાં ઝીણું. परम सूक्ष्म; अत्यधिक महीन. minute तंदु० —पय. न० (-पद) પરમપદ; મોક્ષ मोक्ष; परमपद. salvation. कप्प० ४, १०८; पंचा० ४, २३;—बंभ. न०(-ब्रह्मन्) પરમ જ્ઞાન; કેવલ જ્ઞાન; પ્રકૃષ્ટ જ્ઞાન. परम ज्ञान; पूर्ण ज्ञान; प्रकृष्ट ज्ञान. perfect knowledge चउ० २६; —भूसण. न० (-भूषण) શ્રેષ્ઠ અલંકાર. उत्तमा भूषण; श्रेष्ठ अलंकार-गहना-जेहवर. a high ornament.प्रव०१५६०;—मंत; पुं०(-मंत्र) શ્રેષ્ઠ મંત્ર. श्रेष्ठ मंत्र. a high charm or incantation. पंचा० ४, २८; —मुत्ति. स्त्री० (-मुक्ति) ઉત્તમ મુક્તિ; શ્રેષ્ઠ મોક્ષ. उत्तम मुक्ति. a high salvation. पंचा०२,४३; —संखिज्ज न० (-संख्येय) ઉત્કૃષ્ટ સંખ્યેય. उत्कृष्ट संख्येय.highest numerable. क० गं० ४, ८०; —सिद्धि. स्त्री० (-सिद्धि) ઉત્તમ મુક્તિ. श्रेष्ठ मुक्ति. a good emancipation. पंचा०३, १४;—सुह. त्रि० (-शुभ) ઘણું પવિત્ર; મંગલકારી. अति पवित्र; शुभ; कल्याणप्रद; मंगलकारी. very fine; auspicious नाया० ८; —सूइ त्रि० (-शुचिभूत) અત્યન્ત પવિત્ર થયેલ. अति पूत; अत्यन्त पवित्र बना हुआ-किया हुआ. very much purified. भग० ६, ३३; ११, ६; नाया० १; ८; १२; १६; विवा० ३; —सोमणस. न० (-सौमनस्य) ચિત્તનું અત્યન્ત શાંતપણું. tranquillity of the mind कप्प० १, ४; —सोमणसिय. त्रि० (सौमनस्य) ઉત્કૃષ્ટ સૌમનસ્ય; મનની ઉચ્ચ વૃત્તિવાળું. उत्कृष्ट सौमनस्य; मन की उत्कृष्ट वृत्ति वाला. magnanimous; noble-minded. नाया० १;

परमट्ठ. पुं० (परमार्थ) મોક્ષ; મુક્તિ. मोक्ष; मुक्ति Salvatation; emancipation. भग० २, ५; १५, १; सूय० १, ६, ६; राय० २२५;

परमगण. न० (परमान्न) દૂધપાક. दूधपाक. Milk pudding. भग० १५, १; पंचा० १६, १०;

परमत्थ. पुं० (परमार्थ) પરમ તત્વ; જીવાદિ નવ તત્વ. परम तत्व; जीवादि नव तत्त्व.

The highest reality; the nine principles vz. Jīva etc. पन्न० १; उत्त० २८, २८; गच्छा० ४३; (२) પરમાર્થ; પરોપકાર. परहित; परोपकार. gratitude. सु० च० १, ३७८; —विउ. पुं० (-विद्) પંડિત. (તત્વવેત્તા). पण्डित (तत्ववेत्ता). learned man. सु० च० १, ३१७; —सेवण स्त्री० (-सेवना) પરમાર્થ સેવના. परमार्थ सेवन. the enjoying of the highest truth. प्रव० ६४३;

परमत्थओ. अ० (परमार्थतस्) વાસ્તવિક રીતે; વસ્તુતઃ; ખરી રીતે. वस्तुतः; वास्तविक रीत्या; सचमुच. Truely speaking; really; as a matter of fact. विशे० ६६; भत्त० ५;

परमप्प. पुं० (परमात्मन्) પરમાત્મા; ઈશ્વર. परमात्मा; ईश्वर. God; Almighty. सु० च० ३, ११;

परमहंस. पुं० (परमहंस-परमः श्रेष्ठः हंसः सोहमित्यात्मागत्यासौ) પરમહંસ; પરિવ્રાજકનો એક પ્રકાર. परमहंस सन्यासी; परिव्राजक विशेष. A great Sanyāsi; a class of ascetics. ओव० ३८;

परमाणु. पुं० (परमाणु) બન્ધથી છુટો પડેલો પુદ્ગલનો નિર્વિભાજ્ય અંશ કે જેના બે ભાગ થઈ શકે નહિં તેમ કલ્પી પણ શકાય નહિ, જે અગ્નિથી બળે નહિ, શસ્ત્રથી છેદાય નહિ, તેવો બારીક અંશ. पुद्गलका वह अंश जो अविभाज्य है, कल्पनातीत है, अदग्ध है, अच्छेद्य है और सूक्ष्मातिसूक्ष्म है. Atom; an indivisible portion of matter which cannot be discerened burned or cut. ठा० १, १; अणुजो० ७४; १३४; उत्त० ३६, १०; भग० १, ६; २, १०; ६, ७; जं० प० —पोग्गल. पुं० (-पुद्गल) પુદ્ગલનો ઘણો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ. पुद्गलका सूक्ष्मातिसूक्ष्म अंश. minutest division of matter. भग० १, १०; १०, १; १२, ४; १६, ८; १८, ६; २०, ५; २५, ४; पन्न० १; राय० २७०;

परमायत. त्रि० (परमायत) પરમ - ઉત્કૃષ્ટ; આયત – દીર્ઘ; પરમાયત–મોક્ષ परमोत्कृष्ट मुक्ति. Highest; salavtion. सूय० १, ७, ३, १५;

परमावतीगंगा. स्त्री० (परमावतीगंगा) સાત અવંતી ગંગા પરિમિત એક પરમાવતી ગંગા; ગોશાલાની મતે કાલમાન વિશેષ. सात अवन्तीगंगा के परिमाण की एक परमावती गंगा; गोशाला के मतानुसार एक कालमान विशेष. According to Gośālā, a measure of time भग० १५, १;

परमाहम्म. पुं० (परमाधर्म) પરમાધામી; નારકીને દુઃખ દેનાર. परमाधामी; नारकों को दुःख देने वाला. one of the highest abode; the chastiser of the hell beings. प्रव० ४१;

परमाहम्मिय पुं० (परमाधार्मिक) પરમાધામી; નારકીને દુઃખ દેનાર દેવતાની એક જાત. नारकों को दुःख देनेवाले देवता की एक जाति. The class of gods who punish the hell-beings. प्रव० १०८८;

परमाहम्मिअ-य. पुं० (परमाधार्मिक) નારકીના જીવોને શિક્ષા આપનાર એક દેવતાનો વર્ગ; પરમાધામી દેવ. नारकी जीवों को शिक्षा देने वाला देवता का एक वर्ग; परमाधामी देव A class of gods who punish the hell-beings. उत्त० ३१, १२; सम० १५; आव० ४, ७;

परमाहम्मिश्र-य. पुं० (परमधार्मिक—परमं सुखं तद्धर्मोऽस्यस्य) પરમ સુખને ચાહનાર. परमानन्दका इच्छुक. (one) desirous of bliss. "**सव्वे पाणा परमाहम्मिया**" दस० ४;

परय. अ० (परतस्) બીજાથી; પારકાથી. दूसरे से; पराये से. From another. "**अहो ठविज्जंति सय परय सद्दा**" प्रव० १२०३;

परलोइअ. त्रि० (परलोकस्येदम्-पारलौकिक) પરલોકસમ્બન્ધી; પારલૌકિક. पारलौकिक: परलोकविषयक Pertaining to the other worlds. आया० २, ११, १७०; सम० ६; दसा० ६, २७;

परलोग. पुं० (परलोक) પરલોક; આવતો ભવ. परलोक; आनेवाला जन्म-भव. The other world; the coming life. पिं० नि० २६५; कप्प० ५, ११८; भत्त० १०५; उवा० १, ५७; **—अट्ठया.** स्त्री० (-अर्थता) પરલોકની અપેક્ષા. परलोककी अपेक्षा. Expectation of the other world. दस० ६, ८, २-३; **—पडिबद्ध.** त्रि० (-प्रतिबद्ध) પરલોકના ભોગ વગેરેમાં ગુથાયેલ. परलोकके उपभोगमें तल्लीन. (one) entangled in the enjoyments of the other worlds. ठा० ४, ४; **—भअ.** न० (-भय) પરજાતિ-તિર્યંચ દેવ વગેરેથી ઉપજતું ભય. परजातितिर्यञ्च, देव आदिसे (के कारण) होनेवाला भय-डर. Fear produced by another class of animals, gods etc. सम० ७; ठा० ७, १;

परलोय. पुं० (परश्चासौलोकश्च-परलोक) પરલોક,-જન્માન્તર. परलोक-परभ-जन्मान्तर. The other world; another life. दसा० ६, ३; नाया० १; २; ७; १५; १६; भग० २, १; प्रव० ५२; २६६; पंचा० १, २; **—आसंसा.** स्त्री० (-आशंसा) પરલોકની આશા. परलोककी आशा. Hope of the other worlds. प्रव० २६६; **—गइ.** स्त्री० (-गति) પરલોક જવું તે. परलोकगमन-गति. To reach the other worlds. प्रव०५२; **—हिय.** न० (-हित) પરલોકનું હિત કરનાર. परलोकका हितावह. Beneficial for the other world. पंचा० १, २;

परवग्घ. पुं० (परव्याघ्र) મ્હોટા વાઘના ચામડાના બનેલ વસ્ત્ર વિશેષ. बड़े बाघके चर्मसे बना हुआ वस्त्र विशेष. A particular garment made from the skin of a big tiger निसी० ७, ११;

परसंतग. त्रि० (परसत्क) જુઓ "પરસંતિઅ" શબ્દ. देखो "परसंतिअ" vide "परसंतिअ" दसह० १, ३;

परसंतिअ. त्रि० (परसत्क) પારકું; બીજાનું. पराया; दूसरेका. Another's. पिं० नि० ३७८;

परसु. पुं० (परशु) કુહાડો; ફરશી નામનું હથીયાર. कुल्हाड़ी, फरसा, परशु, शस्त्र विशेष An axe; hatchet. नाया० १; १८; उत्त० १६, ६७; अणुजो० १४८; भग० ६, ३३; १६, ४; राय० २६३.**—ग्गाह.** त्रि० (-ग्राह) ફરસી લઈને ચાલનાર. परशुधर. (one) walking with an axe. ज० प० ३, ६७; **—नियत्त.** त्रि० (-निकृत्त) કુહાડેથી કાપેલું. कुल्हाडीसे काटा हुआ. Cut by an axe. विवा० २; **—हत्थ.** त्रि० (-हस्त) કુહાડો છે હાથમાં જેને એવું. परशुधर; कुल्हाड़ी वाला. (One) having an axe in his hand. निर० १, १;

परस्सर. पुं० (पराशर) ગેંડું; પંચેંદ્રિય તિર્યંચની એક જાત. गैंडा. पंचेन्द्रिय तिर्यचकी एक जाति. Rhinoceros; a kind of five sensed living beings. जीवा० ३, ३; भग० ७, ६; पन्न० १, ११;

परहत्थ. पुं० (परहस्त) પારકા-બીજાનો હાથ. पराया हाथ; दूसरेका हाथ. Other's hand. भग० ३, ३; **—पाणाइवाय.** पुं० (-प्राणातिपात) પારકાને હાથે પોતાની અથવા પારકાની હિંસા કરવી તે. दूसरेके हाथसे अपनी या दूसरेकी हिंसा करनेका कार्य. Killing of one's self or other by the hands of another person. ठा० २, १;

परहम्मिय. पुं० (परमाधार्मिक) અંબ, અંબરીસ, વગેરે પન્દર જાતના પરમાધામી દેવતા. अम्ब; अम्बरीस आदि पन्द्रह जाति के परमाधर्मी देवता. The gods of fifteen kinds named Amba, Amtarīsa etc. सूय० १, ५, १, ६;

परहुत. पुं० (परभृत) કોયલ. कोकिल. कोयल. Cuckoo. कप्प० ४६, ०;

परहुय-अ. पुं० (परभृत) કોયલ. कोकिल; Cuckoo. नाया० १; जं० प० ३, ४५;

√ परा-अय. धा० (परा+अय्) દોડીને ભાગી જવું; પલાયન दौड़कर भाग जाना; पलायन करना. To run away.

पलायइ. उत्त० २७, ७;

पलाएउ. हे. कृ. सु० च० २, ५४७;

पलायमाण. व. कृ. भग० ३, २;

पराइअ. त्रि० (पराजित) પરાજય પામેલ; હારેલ. पराजित; विजित. Defeated. उत्त० ३२, १२; ओव०

पराघाय-अ. पुं० (पराघात) વાસના વિશેષ वासना विशेष. A particular inclination. विशे० ३५१; (२) નામ કર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી જીવ પોતે આઘાત ન પામે અને બીજા તેને જોતાંવેંત જ દબાઇ જાય તે. नाम कर्मकी एक प्रकृति जिसके उदयसे जीव स्वयंतो घातको प्राप्त नहीं परन्तु दूसरेके देखते ही दबजाय-सहमाजाय. A variety of Nāmakarma at whose appearance a life becomes invulnerable and the others become submissive to it at its mere sight. पन्न० २३; **—नाम** न० (-नामन्) પરાઘાત નામે નામકર્મની એક પ્રકૃતિ. पराघात नामक नामकर्मकी एक प्रकृति. A variety of Nāmakarma named Parāghata. सम० २८;

√ परा-जय. धा० १. (परा+जि.) પરાજય કરવો-હરાવવું. हराना; पराजित करना. To defeat.

पराजइत्था. भग० ७, ६;

पराइजइ. क. वा. भग० १, ८;

पराजयित्तए. हे. कृ. भग० ७, ६;

पराजिणित्तार. त्रि० (पराजेतृ) પરાજય કરનાર. पराजय करनेवाला; विजेता. Victor. ठा. ४, २.

पराजिय-अ. त्रि० (पराजित) હારેલું. पराजित; हाराहुआ. Defeated. उत्त० १३, १; भग० १६, ६;

पराभव. पुं० (पराभव) પરાભવ; પરાજય; તિરસ્કાર. पराभव, अपमान; तिरस्कार; Defeat, insult. विवा० १;

पराभिओगत्तण. न० (पराभियोगत्व) પરતંત્રપણું. परतंत्रता. Dependence. ठाणा० ६५;

पराभूअ. त्रि० (पराभूत) પરાભવ પામેલ. पराभवप्राप्त; विजित. Defeated. नाया० १८;

परामुट्ठ. त्रि० (परामृष्ट) પરામર્શ કરેલ. (२) સ્પર્શ કરેલ. परामर्श किया हुआ; स्पर्श किया हुआ. Considered; touched. पण्ह० १, ३;

√ परा-मुस. धा० (परा+मृश्) સ્પર્શ કરવો. स्पर्श करना; छूना. To touch.

परामुसइ. भग० ३, २; ५, ६; ७, ६; १५, १; १८, १;

परामुसंति. भग० १५, १; नाया० २; १६; १८; विवा० १; जं० प० ३, ४३;

परामुसेज्जा. वि० दसा० ७, १; वेय० ५, १३;
परामुसइत्ता. सं. कृ. भग. ३, २; ७, ६; १८, ३; नाया० १६; १८;
परामुसिय. सं. कृ. भग० ५, ४;

परायग. त्रि० (परकीय) પરાયું; બીજાનું; પારકું. पराया; दूसरेका: अन्यका, परकीय. Another's; belonging to the other person; stranger's. भग० ८, ३; ४;

परायग. त्रि० (परायण) તત્પર; સાવધાન. तत्पर; तैयार; सावधान. Ready; Cautious. पगह० १, ३; नाया० २; क० गं० १, ६१;

√**परा-वत्त.** धा० (परा+अत्) પાછું વળવું. पीछे लौटना. To turn back.
परावत्तेइ-ति. भग० ७, ६; ६, ३१; जं० प०; गच्छ० २३६;
परावत्तेहि. आ० गच्छ० २३६;

परासर. पुं० (पराशर) પરાશર નામના બ્રાહ્મણ સંન્યાસી. पराशर नामक ब्राह्मण सन्यासी A Brahmana Sanyasi of this name. ओव० ३८; भग० ३, ५;

परिअच्छिअय. त्रि० (परिकच्छित) પહેરેલ; ધારણ કરેલ. पहिनाहुआ: धारणकियाहुआ. Worn; put on. जं० प० ५, ११७;

परिअट्टअ. त्रि० (परिवर्तक) પ્રવર્તક; અગ્રેસર. प्रवर्तक; अग्रेसर; अगुआ; जन्मदाता. A guide, fore runner. ओव० १०;

परिअट्टणा. स्त्री० (परिवर्तन) સૂત્રાર્થનું પર્યાલોચન કરવું; ચર્ચા કરવી. सूत्रार्थका पर्यालोचन करना; चोलणा प्रचोलणा-चर्चा करना. To discuss or examine the meaning of Sūtras ओव० २०; अणुजो० १३;

परिअडण. न० (पर्यटन) પરિભ્રમણ; રખડપટી. परिभ्रमण; भटकना. Wandering भत्त. ६६;

परिअरबंध. पुं० (परिकरबन्ध) કમ્મર કસીને બાંધવી, લંગોટી વાળવી, કચ્છોટો બાંધવો વગેરે. कमरको कस कर बांधना; लंगोट कसना; कच्छ बांधना. Girding fast the waist; to fasten a piece of cloth across the private parts. अणुजो० १३१;

परिआअंतगडभूमि. स्त्री० (पर्यायान्तकृद्भूमि) તીર્થંકરની કેવલિ અવસ્થા દરમ્યાન અંતગડ-મોક્ષ ગામી જીવોની પરંપરાની મર્યાદા. तिर्थंकरकी केवली अवस्थाके मध्य अंतगड मोक्ष गामी जीवोंकी पारम्परिक मर्यादा. A limit of serial of order of lives which attain Aṃtagaḍa Salvation during the interval in which a Tīrthaṃkara reaches the perfect state. जं० प०

परिआइत्ता. सं० कृ० अ० (पर्यादाय-स्वीकृत्य) સ્વીકારીને; ગ્રહણ કરીને. स्वीकार करके; ग्रहण करके. Having accepted or received. ठा० ३, १; भग० ३, ४; ६, ६;

परिआग. पुं० (पर्याय) અવસ્થા, દશા. अवस्था, दशा. State; Condition. जं० प०

√**परि-आ-दा.** धा० (परि+आ+दा) ગ્રહણ કરવું, લેવું. ग्रहण करना; स्वीकारना. To accept.
परियाइयइ भग० ३, १; ७, १;
परियापति. गच्छ० २६;
परियादियइ. भग० १५, १; जं० प० ३, ५०;
परियादियंति. भग० ११, १२; २५, २; जं प० ३, ६८;
परियादियइत्ता. स० कृ० भग० २४, १;
परियादियंतित्ता. सं० कृ० भग० ११, १२;
परियाइत्ता. सं० कृ० भग० ३, ४; ६, ६; ७, ६; १४, ५; १६, ५; २५, २; पन्न० १६;
परियाएत्तए हे० कृ० नाया० ६; भग० १६, ५;

√**परि-आ-पज्ज.** धा० (परि+आ+पद्) મૂર્છા પામવી; બેભાન થવું. (૨) પરિણમાવવું; રૂપાન્તર કરવું. (૩) પડવું. (૪) અંદર પેસવું. (૫) પીડા થવી. (૬) નાશ પામવું. मूर्छित होना, बेहोश होना. (२) परिणमित होना; रूपान्तर करना. (३) अन्दर घुसना. (४) पीडा होना; नाश पाना. To faint; to become senseless; to transform; to fall; to force inside.

परियावज्जंति. आया० १. १. ४, ३७;

परियावज्जेज्ज. वि० अणुजो० १३४;

परियावज्जेज्जा वि० भग० ५, ७; १८. ८; वेय० ५, १२; ६, ३;

परियावज्ज. वि० दसा० ७, १;

परियाविज्जमाण. व. कृ. सूय० २, १, ४८;

परिआय. पुं० (पर्याय) પ્રવ્રજ્યા આદિ અવસ્થા. प्रवज्या आदि अवस्था. The state of asceticism etc. जं० प० २, ३१; ओव० १४; नंदी० ५०;—**जिट्ठ** त्रि० (-ज्येष्ठ) દીક્ષામાં જ્યેષ્ઠ-મ્હોટો. दीक्षा क्रममें ज्येष्ठ. Older in concecration. दसा० ६, ३, ३; —**ठाण.** न० (-स्थान) સર્વ વિરતિ રૂપ દીક્ષા (સ્થાન. सर्व विरति रूप दीक्षाका स्थान. The Sthāna of concecration in form of renunciation of all. दसा० ८, ६१;

परिआल. पुं० (परिवार) પરિવાર, દાસદાસી અને સમ્બન્ધિજન. परिवार, दासदासी और सम्बन्धीवर्ग. Family; retinue. जं० प० ५, ११५; ओव० ३३;

परिआवण. न० (परितापन) દુઃખ ઉપજાવવું. दुःख उपजाना, दुःख पैदा करना. Producing pain गच्छा० ८१;

√**परि-आ-सव** धा० (परि+आ+शव्) રાતવાસી રાખવું. रातवासी रखना. A thing kept overnight. **परियासवेइ.** निसी० ११, २७;

√**परि-इ.** धा० (परि+इण्) ભમવું; ફરવું. भ्रमण करना; घूमना, फिरना. To revolve; to turn. **परियंति.** उत्त० २७, १३;

√**परि-इक्ख.** धा० (परि+ईक्ष्) ચારે તરફ જોવું, પરીક્ષા કરવી. चारों ओर देखना; परीक्षा करना. To look on all sides; to test.

परिक्खेइ. सु० च० ६, २६;

परिक्खए. गच्छा० ८;

परिउड. त्रि० (परिवृत) ઘેરાએલું; વીંટાએલું. घिराहुआ; परिवृत; परिवेष्टित. surrounded; wound. निर० १, १;

√**परि-उव-आस.** धा० I. II. (परि+उप+आस्) ઉપાસના કરવી; સેવા કરવી. उपासना करना; सेवा करना. To meditate; to serve.

पज्जुवासेइ. भग० ३, १; ७, १०; सु० च० ११, ४३;

पज्जुवासइ-ति. राय० ७४; नाया० १; ५; १३; १६; १६; उवा० १, ६; ५६; ७, ११६; जं० प० ५. ११८;

पज्जुवासंति. ओव० २२; नाया० ८; ६; १६;

पज्जुवासिंति. सु० च० २, ६००;

पज्जुवासामि. नाया० १४;

पज्जुवासामो. भग० २, १; ५; ३, १; नाया० १३; राय० ३०;

पज्जुवासेज्ज. जं० प० ५, ३१;

पज्जुवासेज्जा. वि० भग० १३, ६; वव० १०, १; राय० २७;

पज्जुवासेहि. आ० नाया० १४;

पज्जुवासित्ता. सं० कृ० भग० २, १;

पज्जुवासेत्ता. स० कृ० भग० २, १; ५, ६; ठा० ३, १;

पज्जुवासित्तए. हे० कृ० ओव० ४०; नाया० ५०

पज्जुवासमाण. व० कृ० भग० १, १; २, १; ५; ३, १; ६, १; १०, ४; नाया० १; ६;

परिएस. पुं० (परिवेष) મણ્ડલ; સૂર્ય કે ચંદ્રને ફરતું કુંડાળું થાય તે. मण्डल; सूर्य या चंद्रके चारों ओर दिखाई पड़नेवाला मण्डल. a circular disc; a round moving halo surrounding the Sun or Moon. जीवा० ३. ४;

परिएसिज्जमाण. त्रि० (परिवेष्यमान) પીરસવામાં આવતું. परोसनमें आनेवाला; परोसा जानेवाला. That which is served. आया० २, १, २, १०;

√ परि-ओ-सव. धा० (प्रति+अव+वस्) પર્યુષણ કલ્પ આચરવું. पर्युषण कल्प का आचरण करना. To observe the religious days known as Paryuṣaṇa

पज्जोसवेइ. निसी० १०, ४८;

पज्जोसवित्तए हे० कृ० वेय० ५, ४२;

परि-कंख. धा० (परि+कांचा) ઇચ્છવું. (२) રાહ જોવી. इच्छा करना; बाट जोहना. to desire; to expect; to await.

परिकंखए. उत्त० ७, २;

परिकच्चिअ. त्रि० (परिकच्चित) પહેરેલું; ધારણ કરેલું. पहिना हुआ; धारणकिया हुआ. worn; put on. राय० ७०;

परिकड्ढलिय. त्रि० (परिकर्षित) પિંડા કરેલ. पिंडित; चिढ़ाया हुआ. Forming a lump; vexed. २३६;

परिकत्थ. धा० (परि+कत्थ्) આત્મશ્લાઘા કરવી. आत्म प्रशंसा करना. To praise oneself.

परिकत्थइ. दसा० ६, २२;

√ परि-कप्प. धा० (परि+क्लृप्) સજ્જ કરવું; સન્નદ્ધ-તૈયાર કરવું. सजाना; सन्नद्ध-तैयार करना. To make ready; to prepare.

परिकप्पेह. आ० नाया० १;

परिकप्पिय. त्रि० (परिकल्पित) તૈયાર કરેલું; શણગારેલું; જોડેલું. (२) કાપેલું. तैयार किया हुआ; शृंगारित; जोड़ाहुआ; (२) काटाहुआ Prepared; adorned; joined; cut. पण्ह० १, ३;

परिकम्म. न० (परिकर्मन) અંગ સંસ્કાર; શરીર સુશ્રૂષા; अंग संस्कार-सुधार, शरीर सुश्रूषा. Nursing of the body; (२) વસ્તુ સંસ્કાર; વસ્તુમાં કંઇપણ વિશેષતા ઉત્પન્ન કરવી તે. (२) वस्तु संस्कार, पदार्थमें कुछतोभी विशेषता का उत्पन्न करना. refining an object, creating some speciality in an object. अणुजो० ६१; विशे० ६२३; ओघ० नि० ३२७; सत्था० १०६; सूय० १, ३, २, ७; ओव० प्रव० ६३१; (३) રોગનો ઉપાય; ચિકિત્સા. (३) रोगका उपाय, चिकित्सा. healing; curing. उत्त० १६, ७७; (४) બારમા દ્રષ્ટિવાદ અંગના પાંચ વિભાગમાંનો પ્રથમ વિભાગ કે જે બીજા ચાર વિભાગ ભણવાની લાયકાત ઉત્પન્ન કરે છે. (४) बारहवें दृष्टिवाद अंगके पांच विभागोंमें से प्रथम विभाग-जो अन्य चार विभागका अध्ययन करनेके योग्य बनाता है. 1st division of the five divisions of the twelfth Drṣtiāvda Aṃga, a study of which produces fitness. सम० १२; ठा० ४, १; नंदी० ५६; महा प० ६४;

—**विशोधि.** स्त्री० (विशोधि) પરિકર્મ-શરીર શુશ્રૂષા રૂપ શુદ્ધિ. परिकर्म शुद्धि; शरीर शुश्रूषारूप शुद्धि. Purity in the form of nursing of the body. ठा० ५, २;

परिकम्मिय. त्रि० (परिकर्मित) શરીર સંસ્કાર કરેલ. शारीरिक संस्कार किया हुआ. One having ordinary accompaniments. विशे० १६६;

परिकर. पुं० (परिकर) ભેડ-કેડ બાંધવી તે. कमरबांधना; कटीबद्ध होना Girding. जं० प०

परिकलिअ. त्रि० (परिकलित) અલંકૃત. अलंकृत; सजायाहुआ. Adorned. नाया० ८; १६;

√परि-कह. धा० (परि+कथ्) કહેવું; બોલવું. कहना; बोलना. To speak; to tell.

परिकहेइ. ओव० ३४; भग० २, १; १६, ५; नाया० ५; ८; ६; १२; १४; १६; १६; उवा० ७, २०३;

परिकहेंति. भग० २, ५;

परिकहेहि. आ० भग० १५, १;

परिकहित्तए. हे० कृ० भग० ५, ८;

परिकहंत. व. कृ. सु० च० ८, १३५;

परिकहिज्जामो. क० वा. नाया० १४;

परिकहा. स्त्री० (परिकथा) વિકથા. विकथा; कल्पित गोष्ठी. a fiction. पिं० नि० १२६;

परिकहिय. त्रि० (परिकथित) કહેલું कथित; कहाहुआ. Said. भग० १५, १;

परिकिरण. त्रि० (परिकीर्ण) ચારે બાજુથી ઘેરાએલ; વ્યાપ્ત. चारों ओरसे व्याप्त; चारों बाजूसे घिरा हुआ Surrounded on all sides; occupied. "चेतिया चक्कवाल परिकिरणा" उवा० ७, २०८; उत्त० ११, १८; नाया० ८; नाया० ध०

परिकिलंत. त्रि० (परिक्लान्त) ગ્લાનિ પામેલ; થાકી ગએલું. थकाहुआ; परिक्लान्त. Exhausted; tired. राय० २५८;

√परि-किलेस. धा० १ (परि+क्लिश्) દુઃખ પામવું. दुःख पाना; To suffer pain.

परिकिलेसति. ठा० १, १;

परिकिलेसंति. ओव० ३८.

परिकिलिस्संति. ओव० ३४; राय० २३६.

परिकिलेसइत्ता सं. कृ. भग० १, १;

परिकिलेस. पुं० (परिक्लेश) ક્લેશ પામવો; દુઃખ પામવું તે. क्लेश पाना; दुःख सहना Suffering misery or pain. सूय० २, २, ६२; उत्त० ११, १८; नाया० ८; नाया० ध० भग० ६, ३३; दसा० ६, १४;

परिकुंठिय त्रि० (परिकुण्ठित) થાકી ગએલ બુદ્ધિવાળો. कुण्ठित-शिथिल-बुद्धिवाला. one whose intelligence is exhausted विशे० १८३;

परिकुविय. पुं० (परिकुपित) કોપેલું. क्रोधित; गुस्सेसे भराहुआ. enraged. भग० ७, ६; नाया० ८; ६;

परिक्कन्त. त्रि० (परिक्रान्त) સંયમ સંબંધી પરાક્રમ-ઉદ્યમ-કરેલ. संयम सम्बन्धी पराकम कियाहुआ. Prowess concerning restraint. सूय० १, ३, ४, १५;

√परि-क्कम धा० (परि+क्रम्) પરાક્રમ કરવું. (२) પાછા હઠવું. (३) પર્યટન કરવું. पराकम करना. (२) पीछे हटना. (३) पर्यटन-भ्रमण करना. To show valour; to recede; to roam.

परिक्कमे. वि दस० ५, १, ७; ८१;

परिक्कमिज्जासि. आ. आया० १, २, ६, ६८;

परिक्कम्म. सं० कृ० सूय० १, ४, १, २;

परिक्कममाण. व० कृ० भग० ७, १;

परिक्कमंत. व. कृ. आया० १, ६, ३, १८५;

परिक्कम. पुं० (परिक्रम) ફલોત્પાદક પુરૂષાર્થ; પરાક્રમ. फलोत्पादक-सफल-पुरुषार्थ. valour; prowess ओव० ३८;

परिक्कमिज्जमाण. त्रि० (परिक्रम्यमान) વારંવાર કરાતું. वारंवार किया जानेवाला. Frequently done भग० ६, ३;

परिक्कमियव्व. त्रि० (परिक्रमितव्य) પુરૂષાર્થ કરવો. पुरुषार्थ करना; पराकम प्रकट करना. fit for displaying valour. नाया० १; ५;

परिक्कमिय. त्रि० (परिक्रमित) પરાક્રમ કરેલું. कृतपराकमः कृतपुरुषार्थ. valour being dispayled. भग० ११, ११;

परिक्खण. न० (परीक्षण) પરીક્ષા કરવી; બારીકાઈથી જોવું. परीक्षा करना; देखना. Examination; noticing. प्रव० ४४०;

—**अट्ठ** न० (-अर्थ) परीक्षा माटे. परीक्षार्थ; जाँचकेलिए For examination. नाया० ७;

परिक्खभासि. त्रि० (परीक्ष्यभाषिन्) विचारीने बोलनार. विचारपूर्वक बोलनेवाला. one who speaks after thinking दस० ७, ५७;

परिक्खय. पुं० (परिक्षय) सर्व प्रकारे क्षय. सर्वथा क्षय; हरतरहसे पतन Decay in all manner. भग० ७, १;

परिक्खा. स्त्री० (परीक्षा) तपास. परीक्षा; जाँच. Examination, enquiry. पंचा. १४, ४२;

परिक्खित्त. त्रि० (परिक्षिप्त) घेरायलुं; विंटायेलुं. घिराहुआ; परिक्षिप्त. wound; circumscribed. ओव० २७; भग० ७, ६; ६, ३३; नाया० १; ३; ५; १६; १८; अंत० ३, १; राय० ४४; १२८; २१३; जं० प० ५, ११५; निर० १, १; विवा० ६; उवा० १, १०; २, ११६;

√ **परि-क्खिव.** धा० (परि+क्षिप्) फेंकवुं; फेंकीदेवुं फेंकना. To throw away. **परिक्खिवेज्जा.** वि० भग० ७, १; जीवा० ३, १;

परिक्खेयव्व. त्रि० (परीक्षितव्य) परीक्षा करवा योग्य. परीक्षा करनेके योग्य. Fit for examination. प्रव० १३४५;

परिक्खेव. पु० (परिक्षेप) परिधि; घेरावो. (२) नगरने फरती खाई. परिधि; घेरा; (२) नगरके चारों ओरकी खाई. Circumference; a ditch surrounding the city. जं० प० १३०; ७, १३२; १३५; १४७; १, ११; अणुजो० १३३; ठा० १, १; भग० २, १-३-६, ६, ५; ६, ३; १६, ८; २०, ६; नाया० ६; सू० प० १; १६; पन्न० २; जीवा० ३, २; जं० प०

परिक्खेवि. त्रि० (परिक्षेपिन्) गुर्वादिकनो तिरस्कार करनार. गुरु आदिका तिरस्कार करनेवाला. One who insults preceptor etc उत्त० ११, ८;

परिखा. स्त्री० (परिखा) खाई. खाई. a moat; ditch. भग० ५, ७;

परिगय-अ. त्रि० (परिगत) व्याप्त. व्याप्त; व्यस्त. Occupied. ओव०; भग० ८, २; ६, ३३; १५, १; नाया० १; ५; उवा० ७, १६०;

परिगलण. न० (परिगालन) पाणी-दुध-वगेरे गळवुं ते पानी-दुध आदिका चूना-गलना. straining of water, milk etc. पण्ह० १, १;

परिगायमाण त्रि० (परिगायमान) गान करतुं. गातेहुए; गाता हुआ. Singing. जं० प० ५, ११२; ११३;

√ **परि-गिरह.** धा० (परि+ग्रह) लेवुं; ग्रहण करवुं. लेना; ग्रहण करना. To accept; to receive.

परिगिराहइ. नाया० १; १३;

परिगिरिहत्ता. नाया० १;

परिगिज्झ. सं० कृ० सूय० १, १, २, १; उत्त० १, ४३; आया० १, २, ३, ८०; दस० ८, ३३; ६, ३, २; सु० च० २, ३;

परिगिज्झमाण. व० कृ० नाया० १;

परिगीयमाण. व० कृ० त्रि० (परिगीयमान) हमेशां गवातुं. सदा गाया जानेवाला. Sung often नाया० १;

परिगुणण. न० (परिगुणन) स्वाध्याय; शास्त्र विचार. स्वाध्याय; शास्त्रविचार. Religious study. ओघ० नि० भा० ६२;

परिग्गह. पुं० (परिग्रह) जमीन, घरबार, रोकड, रूपुं वगेरे द्रव्य उपर आसक्ति-मूर्छा; पांचमुं पाप स्थानक. जर जमीन विषयक आशक्ति; पांचवां पाप स्थानक. attachment to mammon; the fifth Pāpasthānaka जं० प० २, २५; ठा० १, १; ओव० ३४; भग० १, ६-६; ७,

१-२; १८, ७; नाया० १: ५; १३; सम० ४; उत्त० २, १६; ३२, २८; आया० १, २, ५, ८८; १, ३, २, ११३; १, ६, ४, १६३; ओघ० नि० ७८७; दस० ४; ६, २१; पन्न० २२; —**वेरमण**. न० (-विरमण) પરિગ્રહની નિવૃત્તિ. परिग्रहकी निवृत्ति. The end of Parigraha. ठा० १, १;—**सरणा**. स्त्री० (-संज्ञा) પરિગ્રહની અભિલાષા; તૃષ્ણા; ધનની વાસના; ચાર સંજ્ઞામાંની એક. परिग्रहकी अभिलाषा; धन लालसा; चार संज्ञाओंमेंसे एक A desire for Parigraha; a desire for wealth; One of the four desires. ठा० ४, ४; भग० ७, ८; ११, १; १२, ५; २०, ७; २४, १; २६, १; पन्न० ८; —**सन्ना**. स्त्री० (-संज्ञा) પરિગ્રહ સંજ્ઞા. परिग्रह संज्ञा. The name of Parigraha आव० ४, ७;

परिग्गहिय-अ. त्रि० (परिगृहीत) સ્વીકારેલ; ગ્રહણ કરેલ. स्वीकृत; गृहीत. Accepted. जं० प० ५, ११२; ११५; १२१; ओव० ११; ३०; आया० १, ७, ४, २११; अणुत्त० ३, १; दसा० १०, १; भग० २, १; ३, १; ५, ७; ७, ६; ११, ११; नाया० १; ५; ८; १३; १४; १६; पन्न० ४; राय० २८; ४४; उवा० १, ४८; विवा० ३; आव० ४, ५;—**तालियंट**. त्रि० (-तालवृन्त) જેણે પંખો ગ્રહણ કર્યો છે તે. पंखा लियाहुआ; वह जिसने पखा लेरखाहै One who has taken a fan. दसा० १०, ३;

परिग्गहिया. स्त्री० (पारिग्रहिकी) પરિગ્રહની ક્રિયા; પરિગ્રહ રાખવાથી લાગતી ક્રિયા. परिग्रह रखनेकेकारण लगनेवाली क्रिया. The Act of Parigraha; an action accruing through Parigraha. ठा० ४, ४; भग० १, २; ५, ६; पन्न० १७;

√**परि-घट्ट**. धा० (परि+घट्) ચેષ્ટા કરવી. चेष्टा करना; हलचल करना . To move. परिघट्टावेइ क० वा० निसी० १, ४०; जं० प० ५, ११७;

परिघट्ट. त्रि० (परिघृष्ट) ખૂબ ઘસેલું; खूब घिसा हुआ-अतिमर्दित; Well rubbed. राय० ६६;

परिघासिय. त्रि० (परिग्रसित) ખરડાયલું; લેપાયલું लिपटाहुआ; लगाहुआ;. Rubbed; smeared आया० २, १, १, १;

परिघासेउं. हे. कृ. अ. (परिघासयितुम्) ખવરાવવાને; ભોજન કરાવવાને. भोजन करानेके लिए; खिलानेके लिए. For causing to eat. आया० १, ७, २, २०३;

परिघित्तव्व. त्रि० (परिगृहीतव्य) પોતાનું કરી રાખવું; તાબામાં રાખવું. स्वाधीन रखना; स्वाधिकारमें रखना. making one's own; controling. आया० १, ४, १, १२६;

परिघोलेमाण. व. कृ. त्रि० (परिघूर्णत्) ફરતું; ભ્રમણ કરતું. फिरता हुआ; भ्रमण करता हुआ. moving; turning. नंदी० ८६; नाया० ४;

√**परि-चर**. धा० (परि+चर्) સચાર કરવો. संचार करना; घूमना. To roam.

परिचरइ. सू० प० १;
परियारेइ. प्रे० ठा० २, २; दसा० १०, ६;
परियारेमाण. भग० ३, १; १२, ६;

परिचारग. त्रि० (परिचारक) વ્યભિચારી. व्यभिचारी Adulterous. पगह० १, २;

परिचारणा. स्त्री० (परिचारणा) પ્રજ્ઞાપના સૂત્રના એક પદનું નામ. प्रज्ञापना सूत्रके एक पदका नाम. The name of a verse in the Pragnapanā Sūtra. भग० १३, ३;

परिचिंतिउं. हे० कृ० अ० (परिचिन्तयितुम्) વિચારવાને. विचार करनेके लिए. For considering. सु० च० १, ५१;

परिचिय त्रि० (परिचित) પરિચય-સમાગમમાં આવેલ; ઓળખીતું. परिचित; जानपहिचानवाला.

acquainted; known. पण्ह० १, ४; विशे० १६८; सु० च० १, १११; —सुत्र. त्रि०(-श्रुत) सर्व सूत्रने જાણનાર. सब सूत्रों का ज्ञाता. One who knows all Sūtras. दसा० ४, १५;

√परिचुंब. धा. I. (परि+चुम्ब्) ચુમ્બન કરવું. चूमना; चुम्बन करना. To kiss

परिचुंबेज्ज. वि० निसी० ७, ३१;

परिचुंबिज्जमाण. क० वा० व० कृ० राय० २८६;

परिचत्त. त्रि० (परित्यक्त) તજેલું; છોડેલું. त्यक्त; छोड़ा हुआ; तजा हुआ. abandoned; released. ओव० ३८; उत्त० १४, ३८; सु० च० १, ५५; पंचा० ११, १४; विशे० २३८३; —संग. त्रि० (-सङ्ग) જેણે સંગ તજ્યો છે તે. निरासक्त; निःसंग. One who has abandoned attachment. भग० १२८;

√परिचय. धा० I. (परि+त्यज्) તજી દેવું. छोड़ देना. To abandon.

परिचयइ. उत्त० ६, ३; नाया० ८;

परिचयसि. उवा० ४, १४८;

परिचइत्तए हे० कृ० नाया० ८;

परिचज्ज. सं० कृ० उत्त० १७, १८;

परिचयमाण व० कृ० भग० ७, ७;

परिचाइ त्रि० (परित्यागिन्) ત્યાગ કરનાર. त्याग करनेवाला; छोड़नेवाला. One who abandons. उत्त० १७, १७;

परिचाय-श्र. पुं० (परित्याग) ત્યાગ; પરિહાર. त्याग; परिहार. abandoning. नंदी० ५०; उत्त० २६, २; सम० ६; अणुजो० १३०; प्रव० ७६०; पंचा० १८, ३२;

परिच्छग्र. पुं० (परीक्षक) પરીક્ષા કરનાર; કુશલ. परीक्षक; कुशल. Examiner; skilful. जं० प०

परिच्छण्ण. त्रि० (परिच्छन्न) ઢંકાયલું. ढका-हुआ. Covered. नाया० १;

परिच्छा. स्त्री० (परीक्षा) વિચારણા; પરીક્ષા કરવી. विचारणा; परीक्षा करना. Examination; test. ओघ० नि० भा० ३१; विशे० ८४८;

परिच्छिंदिउं. हे० कृ० अ० (परिच्छेत्तुम्) કાપવાને. काटनेके लिए; छेदनार्थ. To cut off सु० च० १, ३५३;

परिच्छेश्र. त्रि० (परिच्छेक) લઘુ; નાનું; હલકું. छोटा; हलका; क्षुद्र; लघु. Small; light. ओव० ३०;

परिच्छेज्ज. त्रि० (परिच्छेद्य) પરખીને વેચાય તેવું. परीक्षा करनेके बाद बेचने योग्य. That which can be sold after scrutiny. विवा० २;

परिच्छेय. पुं० (परिच्छेद) જુદું પાડવું. (२) નિર્ણય. अलग करना; जुदा-पृथक् करना. (२) निर्णय. separation; conclusion. विशे० १८५२;

परिजण. पुं० (परिजन) સમ્બન્ધિ માણસો; પરિવાર; નોકર-દાસ, દાસી વગેરે. सम्बन्धी वर्ग; परिवार; दासदासी वगैरा. Relatives; members of a family. भग० ६, ३३; १८, २; ओव० ४०; नाया० १; ४; ७; ६; १४; दसा० ४, १०४, उवा० १, ८; वेय० २. १६;

परिजविय. सं० कृ० अ० (परियाप्य) પૃથક્-જુદું કરીને. पृथक् करके; अलग-अलग करके. Having separated. सूय० २, २, ४०; निसी० ३, ६;

√परिजाण. धा० I. II. (परि+ज्ञा) જાણવું; સમજવું. जानना; समझना. To know; to understand.

परियाणाइ. नाया० १२; १४; भग० ३, १; उवा० ८, २४७;

परियाणेइ. नाया० १;

परिजाणाइ. नाया० ५; १६; भग० ६, ३३; राय० ७८; २२७; उवा० ७, २१५; विवा० ६;
परिजाणेइ. नाया० १;
परियाणंति. नाया० १; ६; १४; भग० ३, २;
परिजाणंति. नाया० १; २;
परिजाणामि. भग० १५, १; महा० प० १०;
परिजाणाहि. आ० नाया० १४;
परिजाणह. आ० नाया० १;
परियाणह. भग० ३, १; नाया० ६;
परिजाणिया. सं० कृ०-सूय० १, १, १, १;

परिजाण. न० (परिज्ञान) જાણવું તે; સંપૂર્ણ માહિતી મેળવવી તે. ज्ञान प्राप्त; सम्पूर्णज्ञानकी प्राप्ति. An understanding; acquirement of full information. पंचा० ७, १८;

परिजाणियव्व. त्रि० (परिज्ञातव्य) જ્ઞ પ્રતિજ્ઞાથી જાણી પ્રત્યાખ્યાન પ્રતિજ્ઞાથી પરિહરવા યોગ્ય. आया० १, १. १, ७;

परिजित. त्रि० (परिचित) તરત ઉપસ્થિત થાય તેવું, પરિચિત. शीघ्रही उपस्थित होनेवाला; परिचित. A thing with which one is familiar; known. अणुजो० १३.

परिजिय. त्रि० (परिचित) જુઓ ઉપલો શબ્દ. देखो उपरका शब्द. vide above. विशे० ८५१.

परिजुण्ण. त्रि० (परिजीर्ण) જુનું થયેલું; ઘસાયેલ. जीर्ण; घिसाहुआ; पुराना. old; Scoured. आया० १, १, २, १४; १. ६, २, १८५;

परिजुन्न. त्रि० (परिजीर्ण) જુઓ ઉપલો શબ્દ. देखो उपरका शब्द vide above. आया० १, ७, ४, २१२; उत्त० २, १२;

√**परिजूर** धा० I. (परि+जॄ) જીર્ણ થવું; શરીરની હાની થવી. जीर्णहोना; शरीरक्षय; बूढाहोना. To get old.
परिजूरइ. उत्त० १०, २१;

परिज्जअ. पुं० (पर्जक) રાહુના પુદ્ગલના પંદર પ્રકારમાંનો એક. राहुके पुद्गलोंके पन्द्रह प्रकारोंमेंसे एक प्रकार. One of the fifteen varieties of atoms of Rāhu. सू० प० २०;

परिझुसिय. त्रि० (परिजुषित) સેવા કરાયેલ. परिसेवित. One served. भग० २५, ७;

परिझुसियसंपन्न. त्रि० (परिजुषितसम्पन्न) રાતવાસી રાખવાથી નિપજેલ-દહિં વગેરે. रातभर बासी रखनेके कारण उत्पन्न-दही आदि Produced by keeping over-night like curd etc, ठा० ४, २;

√**परिट्ठव.** धा० I (परि+स्था) પરઠવવું; તજવું; યતનાથી નાખવું. सावधानतापूर्वक त्याग करना. To throw or abandon with care.
परिट्ठवेइ. नाया० २; उवा० ७, २००;
परिट्ठवेंति. नाया० १६;
परिट्ठवंति. ठा० ४, ३;
परिट्ठवेमि. नाया० २;
परिट्ठविज्ज. दस० ८, १८;
परिट्ठविज्जा. आया० २, १, १, १; १, ७, ८, २१२;
परिट्ठवेज्जा. वि० उवा० ७, २००;
परिट्ठवेहि. आ. नाया० १६;
परिट्ठवित्तए. हे. कृ. वेय० १, १६;
परिट्ठप्प सं. कृ. उत्त० १४, ६; दस० ५, १, ८१;
परिट्ठवेत्ता. सं. कृ. नाया० १६;
परिठावित्ता सं. कृ. वेय० ४, २४;

परिट्ठवण. न० (परिष्ठापन) આગમને અનુસારે સમ્યક્ પ્રકારે પરઠવવું તે. आगमानुसार सम्यक्रीत्या सावधानीसे-प्रमाणिका परित्याग करना. Properly throwing of food etc with care according

to the Scriptures. प्रव० २४; ५६३; ५७८;

परिट्ठविज्जमाण. त्रि० (क. वा. व. कृ.) સ્થાપન કરાતું. स्थापन कियाहुआ. Being placed. वेय० ४, २५;

परिट्ठवियव्व. त्रि० (परिस्थापयितव्य) પરઠવવું. सावधानीसे फेंकाया-त्यागा जानेवाला. That which is to be thrown with care. भग० ८, ६; वेय० ४, ११, १२, १३;

परिट्ठावण. न० (परिष्ठापन) પરઠવવું; ત્યાગ કરવો તે. उचित सावधानीमें त्याग करना. abandoning or throwing with proper care. कप्प० ५, ११६;

परिट्ठावणिया. स्त्री० (परिष्ठापनिका) પરઠવવા-નાખી દેવાની વિધિ. सावधानतया त्यागने या डालदेनेकी विधि. The mode of abandoning with proper care. आव० ४, ५; ६, ४; ओव० —**आगार.** पुं० (-आगार) લાવેલ આહારાદિ બીજાને પરઠવવા પડતા હોય તો અમુક વ્રતમાં તે આહારાદિ વાપરવાનો આગાર-મોકળ वह स्थान जहांपर दूसरोंद्वारा लाये हुए आहारका संग्रह कियाजाताहै और उनके द्वारा फेंकदिया जानेपर दूसरोंद्वारा काममें लायाजाता है. a place for storing food, etc. to be used in a particular vow when it is brought by another and is to be thrown away. आव० ६, ४;

परिट्ठाविय. त्रि० (परिष्ठापित) પરઠવાવેલું. अच्छी तरहसे रखवायाहुआ; सुस्थापित करवायाहुआ. well left आव० ४, ५;

परिड्ढि. स्त्री० (परर्द्धि) પારકી ઋદ્ધિ. पराधी समृद्धि; दूसरोंका उत्कर्ष. The prosperity of another. भग० ३, ४; १०, ३; २०, १०; २५, ८;

परिणइ. स्त्री० (परिणति) પરિણામ. परिणाम, फल, नतीजा. Result. सु० च० ३, १५७, —**मय** त्रि० (-मय) પરિણામમય; પરિણામ સ્વરૂપ. परिणाममय; परिणाम-फल स्वरूप. Possessing fulness. विशे० ५४;

परिणत. त्रि० (परिणत) વૃદ્ધિ પામેલું. वृद्धिप्राप्त; बढाहुआ. well grown. नाया० १; राय० ३२;

परिणद्ध. त्रि० (परिणद्ध) વિંટાયલું; ઘેરાયલું. घिराहुआ; आवृत्त. wound up; circumscribed. नाया० ८; ६; उवा० २, ६५;

परिणय. त्रि० (परिणत) પરિણામ પામેલ. परिणत; फलप्राप्त. one that is full grown आया० २, १, ७, ४१; उत्त० ३४, १३; ५८; भग० १, १; ५, ७; ६; ७, ६; ८, १; १६, ५; २०, ३; नाया० १; १६; दस० ५, १, ७७; पन्न० १; ओव० १०; ओघ० नि० १२; पिं० नि० १०६; २०७; कप्प० ३, ५३; पंचा० ७, ३३; क० प० ४, ७६; —**वय** त्रि० (-वयस्) વૃદ્ધ; પરિપક્વ અવસ્થાવાળો. वृद्ध; परिपक्व अवस्थावाला. aged; of a mature age. नाया० १; ६; भग० ६, ३३; —**वायणा.** स्त्री० (-वाचना) બીજી-પરિણત નામે વાચના; એકવાર આપેલ પાઠ પરિણામ પામ્યા પછી-આવડયા પછી બીજી વાંચણી આપવી તે. परिणत नामक दूसरी शिक्षाविधि; एक बारके पाठपर पूर्ण आधिपत्य पाजाने पर दूसरे पाठका देना. way of teaching after the lesson is fully mastered at first. प्रव० ५५२;

परिणयमित्त न० (परिणतमात्र) પરિણામમાત્ર परिणाममात्र. only result. विवा० ८;

परिणायापरिणाय पुं० (परिणतापरिणत) વિચ્છેદ ગયેલ બારમા દષ્ટિવાદ અંગના બીજા વિભાગ સૂત્રનો બીજો ભેદ. विच्छेद प्राप्त बारहवें दृष्टिवाद अंगके दूसरे विभाग सूत्रका दूसरा

भेद. Separated; the second variety of the second Vibhāga Sūtra of the twelvth Drasti-vāda नंदी० ५६;

परिणाम. पुं० (परिणाम) અવસ્થાંતર; રૂપાંતર; ફલ. अवस्थांतर; रूपांतर; फल. another state; result. जं० प० ७, १६१; ३, ५०; भग० ५, ६; ६, ८; ७, ६; ८, ६; ११, ११; १४, ३; १५, १; १६, ३; २५, ६, ७; उत्त० ३४, २-२०; विशे० १५०; ८२३; पन्न० १; १३; १७; ओव० १०; ३४; अंत० ३, ८; दस० ८, ५६; क० प० १, ४; प्रव० ४०; पंचा० ४, २५; भत्त० ५; उवा० १, ७४; (२) છેવટનો નિર્ણય. अन्तिम; निर्णय. The final result. क० गं० ४, ६८; विशे० ४७; (३) ભાવ; મનની સ્થિતિ. मानसिक स्थिति; भाव Sentiment; disposition. नाया० १; ८; १४; भग० ४, १०; (४) પરિણામિક ભાવ, ૭ ભાવમાંનો એક. परिणामिक भाव; छः भावोंमेंसे एक. a disposition of fruitfulness; one of the six Bhāvas. क० गं० ४, ७०; —ठाण. न० (-स्थान) પરિણામનું સ્થાન. परिणामका स्थान. A place of result. क० प० ५, ६; —पच्चय पुं० (-प्रत्यय) પરિણામરૂપ પ્રત્યય-નિમિત્ત. परिणामरूप प्रत्यय-निमित्त; फल निमित्त. क० प० ५, ३०; —भेय. पुं० (-भेद) પરિણામના ભેદ. परिणामके भेद. a variety of end. पंचा० १, ५; —विसुद्धि. स्त्री० (-विशुद्धि) પરિણામની વિશુદ્ધિ. परिणामकी विशुद्धि-पवित्रता. The purity of the end. भत्त० १६६;

परिणामओ. अ० (परिणामतः) પરિણામથી. परिणामसे; फलसे. From the result. भग० १२, २;

परिणामिआ-या. स्त्री० (परिणामिका) અવસ્થાને અનુસાર ઉત્પન્ન થતી બુદ્ધિ. अवस्थानुसार उत्पन्न होनेवाली बुद्धि Intelligence produced according to age. नंदी० २६; भग० १२, ५; नाया० १;

परिणामिय. त्रि० (परिणामित) પરિણત-પરિપક્વ થયેલું; પરિણામવાળું. परिणत; पकाहुआ; परिणामवाला; फलप्रद. Ripe; mature; bearing result. भग० ५, २; ७, १०; १४, ७; ओघ० नि० ७६०.

परिणाह. पुं० (परिणाह) પરિધિ; ઘેરાવો; વિસ્તાર. परिधि; घेरा; विस्तार. Circumference; extent ठा० २, ३; जं० प०

परिणिंदिया. स्त्री० (परिनिंदिता) જેમાં વારંવાર ઘાસ નીંદવામાં આવે તેવી કૃષિ. वह खेती जिसमें बारर घास निंदाईकी आवश्यकता होतीहो. agriculture which requires weeding often. ठा० ४, ४;

परिणिट्ठा. स्त्री० (परिनिष्ठा) પરિનિષ્ઠા; પરિપૂર્ણતા. परिनिष्ठा; पूर्णभक्ति; परिपूर्णता. Devotedness; fullness. विशे० ५६५;

परिणिट्ठाण. न० (परिनिष्ठान) અવસાન; છેડો. अवसान; अन्त; छोर. End; extremity. विशे० ६२६;

परिणिट्ठिय. त्रि० (परिनिष्ठित) પરાકાષ્ઠાએ પહોંચેલ; પૂર્ણતા મેળવેલ. पराकाष्ठाको पहुंचा हुआ; पूर्णता प्राप्त. One reaching the highest point or the completion. पंचा० १२, १४; नाया० ८;

√परिणिव्व-वा. धा० I (परि+निर्+वा) સંતાપને છોડી શીતળ થવું; નિર્વાણપદ પામવું. संतापको त्यागकर शान्त होना; निर्वाणपद पाना. To be calm after leaving off sorrow; to attain salvation.

परिणिव्वायंति. ओव० ३४;

परिणिव्वाइंति. भग० १५, १; जं० प०

परिणिव्वाहिति. भवि० ओव० ४०; भग० २, १;
परिणिव्वाहिंति. भवि० नाया० १;
परिणिव्वविय. सं. कृ. वेय० ५, ५;

परिणिवाय. पुं० (परिनिपात) ત્રિછું કુદવું. तिरछा कूदना To jump obliquely. राय० ६५;

परिणिव्वाण. न० (परिनिर्वाण) સર્વથા દુઃખનો લય; મોક્ષ. दुःखका एकान्तिक लय; मोक्ष. Utter dissolution of pain; salvation. ओव० ३४; जं० प० —**महिम.** पुं० (-महिमन्) તીર્થંકર દેવના નિર્વાણ સમયનો મહોત્સવ. तीर्थंकर देवके निर्वाणावसर पर किया जानेवाला महोत्सव. a festivity at the time of the salvation of a Tirthaṃkara. जं० प० २, ३३; भग० ३, १; १४, २; नाया० ८; —**वत्तिय.** त्रि० (-वृत्तिक) સાધુના અવસાન-દેહત્યાગ નિમિત્તે કાઉસગ્ગ વગેરે કરવામાં આવે તે. साधुके अवसान-देहत्यागके उपलक्ष्यमें कायोंत्सर्ग आदिका किया जाना. a form of meditation practised at the death of an ascetic नाया० १; १६;

परिणिव्वुअ. त्रि० (परिनिर्वृत) સર્વ પ્રકારનાં દુઃખથી તદ્દન નિવૃત્તિ પામેલ; મોક્ષ પામેલ. सर्व विध दुःखोंसे एकान्त निवृत्ति प्राप्त; मोक्ष प्राप्त. One free from all pain; emancipated. कप्प० १, १; ओव० ३४; अणुजो० १२७; जं० प०

परिणिव्वुड. त्रि० (परिनिर्वृत) જુઓ "પરિણિવ્વુઅ" શબ્દ. देखो "परिणिव्वुअ" vide. "परिणिव्वुअ" जं० प० २, ३१. दसा० ३, १५;

परिण्णा. स्त्री० (परिज्ञा) સમજણ; જ્ઞાન. समझ; ज्ञान. Understanding; knowledge (२) સમજણપૂર્વક ત્યાગ-પચ્ચખાણ. समझ-विचारपूर्वक त्याग-पच्चक्खाण. abandoning after a careful consideration. आया० १, १, १, १०; १, १, २, १५;

परिण्णाय. सं० कृ० अ० (परिज्ञाय) સમજણપૂર્વક ત્યાગવૃત્તિ જાણીને; પચ્ચકખાણ કરીને. विवेकपूर्वक त्यागवृत्तिद्वारा पच्चक्खाण करके. Having vowed according to judicial renouncement. भग० १, ६; उत्त० ४, ७; १६, ८; आया० १, १, ४, ३५;

परिण्णाय. त्रि० (परिज्ञात) પ્રતિજ્ઞા કરેલ प्रतिज्ञा किया हुआ; कृत-संकल्प; कृत निश्चय. One who has made a Vow. (२) સમજીને ત્યાગ કરેલ. समझ बूझकर छोड़ा हुआ. One abandoning after a careful consideration दस० ३, ११; उत्त० २, १६; दसा० ६, २; वव० ८, ११; सूय० १, ७, १२; आया० १, १, १, १३; —**कम्म.** त्रि० (-कर्मन्) ત્યાગ કરેલ છે કર્મ-આરંભ સમારંભ જેણે તે. आरंभ समारंभ-कर्मका त्याग करनेवाला. One who has abandoned karma. ठा० ४, ३; —**गिहावास.** त्रि० (-गृहावास) જાણી-સમજીને તજ્યો છે ગૃહસ્થાશ્રમ જેણે એવો. जानबूझकर गृहस्थाश्रमको छोड़नेवाला. One who renounces the household after considering much ठा० ४, ३;

परितंत. त्रि० (परितान्त) થાકી ગયેલું. थका हुआ; क्लान्त; परिश्रान्त. Tired. नाया० ४; ८; ६; १३; १६; १८; विवा० १; राय० २६३; उवा० २, १०१; ७, २२२;

√**परितप्प.** धा० I. (परि+तृप्) વિનય, આહાર, ઉપધિ આદિ વડે પ્રત્યુપકાર કરવો. विनय, आहार, उपधि आदिके द्वारा उपकार करना. To oblige another by showing modesty or giving food and

other objects of religion.
परितप्पइ. दसा० ६, २०; २१;

परितप्पणा. न० (परिताप) પરિતાપ-દુઃખ પામવું. परिताप पाना; संतप्त होना; दुःख-संताप. Distress.
"**परितप्पणासाए**" सूय० २, ४, ६; दसा० ६, १; ४;

परितलिअ. त्रि० (परितलित) તેલમાં તળેલું. तैलमें तलाहुआ. Fried in oil. ओघ० नि० ८८;

√**परितव.** धा० I. (परि+तप्) પરિતાપ પામવો; (२) સંતાપ ઉપજાવવો. परिताप पाना; संतप्त होना. to get pain.
परितावेइ. प्रे० भग० ५, ६; १५, १;
परियावेइ. उत्त० ३२, २७;
परितावं-वेंति. आया० १, १, २, १४; १, १, ६, ५१; पग्न० ३६;
परितावेह. भग० ८, ७;
परितप्पमाण. क० वा० व० कृ० उत्त० १४, १०;
परितावेत्ता. सं० कृ० भग० १५, १;

परिताव. पुं० (परिताप) પીડા; સન્તાપ. पीड़ा; सन्ताप; कष्ट. Pain; distress. ओव० २०; प्रव० १०७४; (२) બફારો; અકળામણ. उष्णता; ऊष्म; गर्मी; आकुलता. Heat. ओव० ३८;

परितावणया. स्त्री० (परितापन) પરિતાપ-પીડા. परिताप; संताप; पीड़ा. Pain. भग० ८, ६;

परितावणिया. स्त्री० (परितापनिका) બીજાને પરિતાપ-દુઃખ ઉપજાવવાથી લાગતી ક્રિયા. दूसरोंके दुःखी करनेके कारण लगनेवाला दोष कर्म. A fault accruing through troubling another. प्रव० ४, ७;

परितावित. त्रि० (परितापित) પરિતાપ-પીડા પામેલું. प्राप्तसंताप; दुःखी; संतप्त. Distressed. भग० १५, १;

परितावेयव्व. त्रि० (परितापयितव्य) સંતાપ ઉપજાવવા લાયક. संताप उत्पन्न करनेके योग्य. Fit to be afflicted. सूय० २, १, ४८;

√**परि-तिप्प.** धा० I. (परि + तेप्) દુઃખ દેવું. (२) તૃપ્તિ કરવી. (३) તૃપ્ત થવું. दुःख देना; तृप्ति करना; तृप्त होना. To torment; to satisfy; to be satisfied.
परितिप्पइ. आया० १, २, ५, ६२;
परितिप्पाइ. सूय० २, १, ३१;
परितिप्पंति. सूय० २, २, ५५;
परितिप्पामि. सूय० २, १, ३१;

परितोस. पुं० (परितोष) સન્તોષ; આનન્દ. सन्तोष; आनन्द; तुष्टि. Contentment; happiness. पंचा० ७, २२; सु० च० २, ४६६;

परित्त. त्रि० (परीत) સંખ્યાત; ગણત્રીમાં આવે તે; પરિમિત. संख्यात; परिमित; गिनतिमें आने योग्य. Counted; which can be counted; measured. भग० ५, ६; विशे० ६५१; जीवा० ३; सम० प० १६८; प्रव० ६००; नंदी० ४५; दसा० ४, ६३; (२) પરસ્પર નિરપેક્ષ; ભિન્નભિન્ન. परस्पर निरपेक्ष; अलग २; भिन्न २. mutually independent; separate. विशे० १३५८; भग० ५, ६; ६, ३; (३) પ્રત્યેક વનસ્પતિ. प्रत्येक वनस्पति. every vegetation जीवा० १; ओघ० नि० ४१; पिं० नि० ५३४; पन्न० ११; (४) પન્નવણાના ત્રીજા પદના સોળમા દ્વારનું નામ. पन्नवणाके तीसरे पदके सोलहवें द्वारका नाम. पन्न० ३; (५) શુક્લપક્ષી; અલ્પસંસારી. शुक्लपक्ष सम्बन्धी; अल्पसंसारी. of the bright half of a month; an Alpa Saṃsāri जीवा० १०; पन्न० ३; (६) ભ્રષ્ટ; રહિત. भ्रष्ट; रहित; पतित. Fallen; devoid of. सूय० २, ६, १८; (७) અલ્પ; થોડું. अल्प; थोड़ा; कम. little. भग० १, ६; ६, ३; १५, १;
—**अणंतय.** न० (-अनन्तक) અનન્તના નવ ભેદમાંનો એક. नव प्रकारके अनन्तोंमेंसे एक. One of the nine kinds of Anantas अणुजो० १५० —**अणंतणग;**

त्रि० (-अनन्तलघु) જઘન્ય પરિત્ત અનન્ત; અનંતના નવ પ્રકારમાંનો એક. नव प्रकारके अनन्तोंमेंसे एक; जघन्य. Lowest; one of the nine varieties of Anant. क० जं० ४, ८६; —असंखेज्जय. पुं० (-असंख्येयक) અસંખ્યાતના નવ ભેદમાંનો એક. नव प्रकारके असंख्यातोंमेंसे एक. One of the nine varieties of Asaṃkhyāta. अणुजो० १४६; —कायसंजुत्त. त्रि० (-कायसंयुक्त) પ્રત્યેક વનસ્પતિકાય સંયુક્ત. प्रत्येक वनस्पति कायसंयुक्त. United with every form of vegetation. निसी० १२, ४; —जीव. पुं० (-जीव) પ્રત્યેક શરીરી જીવ; જુદી જુદી એકેક શરીરવાળા જીવ. प्रत्येक शरीरी जीव. Beings with one body each. पन्न० १; —तिग. न० (-त्रिक) પ્રત્યેક નામ, સ્થિરનામ અને શુભનામ એ નામ કર્મની ત્રણ પ્રકૃતિ. प्रत्येक त्रिक अर्थात् १ प्रत्येक नाम कर्म. २ स्थिर नाम कर्म. और ३ शुभ नाम कर्म. The three varieties of Nāmkarma viz Pratyeka Nāma, Sthira Nāma and Śubha Nāma क० गं० २, २१; —संसार. पुं० (संसार) જેને થોડોજ કાળ સંસારમાં પરિભ્રમણ કરવાનું હોય તે; અલ્પ સંસારી थोड़े समयतक संसारमें भ्रमण करनेवाला; अल्प संसारी. One who has to wander through this world only for a short time; an Alpa Saṃsari. उत्त० ३६, २५८; —संसारि. त्रि० (संसारिन्) અલ્પ સંસારી. अल्प संसारी. One who has to wander through this world only for a short time. भग० ३, १; राय० ७६;

परित्ताण. न० (परित्राण) રક્ષણ; શરણ. चारों ओरकी रक्षा; शरण. Protectionon all sides; refuge. सूय० १, १, २, ६;

परित्तास. पुं० (परित्रास) ત્રાસ; ખેદ. त्रास; खेद; दुःख. Trouble; sorrow. भग० ११, ११; नाया० १; जं० प०

परिदाह. पुं० (परिदाह) બળતરા. (२) બફારો. उष्णता; गर्मी; दाह; हूक. Heat; warmth. भग० १, १; उत्त० २, ८;

√**परिदेव.** धा० I. (परि+देव्) શોક કરવો; વિલાપ કરવો; પશ્ચાતાપ કરવો. शोक-विलाप या पश्चाताप करना. To be sorry; to cry; to repent.

परिदेवते-ती. सूय० १, २, ३, ७;

परिदेवए. वि० उत्त० २, ८;

परिदेवइज्जा. वि० दस० ६, ३, ४;

परिदेवणया. स्त्री० (परिदेवन) જેની તેની આગળ દુઃખ પ્રકાશવું; રોદણાં રોવાં તે. जिसकिसीके आगे अपना दुःखड़ा गाना-दुःख प्रकट करना. To cry before every one. ठा० ४, १; भग० २५, ७;

परिदेविय. न० (परिदेवित=भावे क्तः) પ્રલાપ કરવો. प्रलाप करना; चिल्लाना; बकना. To cry. पण्ह० १, १;

√**परि-धा.** धा० I. (परि+धा) ધારણ કરવું; પહેરવું. धारण करना; पहिनना To put on; to wear.

परिहेइ. भग० ३, २; सु० च० ८, ६८; जीवा० ३, ४;

परिहिइ. भग० ६, ३३;

परिहिंति. नाया० १६;

परिहिस्सामि. आया० १, ६, ३, १८५;

परिहित्ता. सं. कृ. भग० ३, २; ६, ३३;

परिहित्ता. स. कृ. सूय० १, ४, १, २५;

परिहावेइ. सु० च० ४, ७६;

परिहावेउं. स. कृ. सु० च० ४, ८३;

परिहावेमाण. व. कृ. नाया० १;

√**परिधाव.** धा० (परि+धाव्) દોડવું. दौड़ना; धाना; भागना. To run.

परिधावंति भग० ३, १; नाया ८; जं० प० ५, १२१;

परिधावमाण. व. कृ. नाया० १; १८;

परिधावित्था. भग० ७, ६;

परिधाविंतित्ता. सं. कृ. भग० ३, १;

✓**परिनम.** धा० I. (परि+नम्) પરિણામ પામવું; એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં દાખલ થવું. परिणमित होना; एक अवस्थासे दूसरी अवस्थामें प्रवेश करना. To obtain a result; To change from one state to another.

परिणम(मे)इ. भग० १, १-३; ३, ३; ५, ७; ७, १०; १२, ५; १४, ४; १७, ३; ओव० ३४; सम० प. ६६; नाया० १६; राय० २६६; पन्न० १६; विवा० १; ठा० २, २;

परिणामेइ. प्रे० भग० ६, ६;

परिणामेंति. भग० १, २; १६, ३;

परिणामेज्ज. वि. भग० ६, ५;

परिणामेत्तए. हे. कृ. भग० ३, ४; भग० ६, ६; ७, ६;

परिणामेत्ता. सं. कृ. भग० ३, ४;

परिणामेमाण. व कृ. नाया० ८; भग० १७, ३;

परिणामिज्जमाण. क. वा. व. कृ. भग० १, ७;

परिनिट्ठिय. त्रि० (परिनिष्ठित) નિષ્ઠા પામેલ; પુરું થયેલું. प्राप्त निष्ठ; पूर्ण; समाप्त. Confident; finished ओव० ३८; उत्त० २, ३०; प्रव० ७७१; —**अट्ठकम्मभर.** त्रि० (-अष्टकर्मभार) દૂર કરેલ છે આઠ કર્મનો ભાર જેણે તે. आठों कर्मके भार को दूर करनेवाला. One who has removed the weight of the eight Karmas. प्रव० ३६३;

✓**परिनिर्-वा.** धा० I. II. (परि+निर्+वा) દુઃખને સર્વથા શાંત કરવું; શાંતિ મેળવવી; મોક્ષ મેળવવો. दुःखको सर्वथा शान्त करना; शान्ति प्राप्त करना; मोक्ष प्राप्त करना. To allay all pain; To attain peace or emancipation.

परिनिव्वेइ उत्त० १२, २०;

परिनिव्वायंति. उत्त० २६, १; पन्न० ६;

परिनिव्वाइस्संति. सम० १; नाया० २, १५, १७८;

परिनिव्वाण. पु० (परिनिर्वाण) દુઃખનો સર્વથા નાશ; મોક્ષ. दुःखका सर्वथा-एकान्त-नाश; मोक्ष. annihilation of all pain; salvation. जं. प, २, ३३; ठा० १, १; नाया० १, १, ६, ५ ; राय० ६५; —**मग्ग.** पुं० (-मार्ग) નિર્વાણનો માર્ગ;મોક્ષ માર્ગ; મુક્તિનો રસ્તો. निर्वाणपथ; मोक्ष मार्ग; मुक्तिका रास्ता. The path of Salvation or emancipation. दसा० १; ११; —**वत्तिय.** त्रि० (-प्रत्यय) જુઓ 'પરિણિવ્વાણવત્તિય' શબ્દ देखो 'परिणिव्वाणवत्तिय' vide (परिणिव्वाणवत्तिय) भग० २, १;

परिनिव्वुड त्रि० (परिनिर्वृत) સકલ સન્તાપ રહિત; નિર્વાણ પદ પામેલ. सर्व सन्ताप शून्य; निर्वाण प्राप्त. Free from all miseries; one that has attained salvation. भग० २, १; उत्त० ५, २८; १४, ५३; ३५, २७; जं० प० ३, ७०;

परिनिव्वुय. त्रि० (परिनिर्वृत) સર્વથા દુઃખનો નાશ કરેલ; નિર્વાણ પદ પ્રાપ્ત કરેલ. सर्वथा दुःखोंको नाश किया हुआ; निर्वाण पद प्राप्त. One who has destroyed pain in every way: One that has attained salvation. भग० १, ६; विशे० ५८; ठा० १, १; उत्त० १०, ३६; ३६, २६६;

✓**परिने.** धा० I. (परि+नी) વિવાહ કરવો; પરણવું. विवाह करना; ब्याह करना; पाणिग्रहण करना; परिणय करना. To marry.

परिणेइ सु० च० १, २८६; पंचा० १, ३६;

परिणेहि. सु० च० १, २८१;

परिन्न. त्रि० (परिज्ञ) વિશેષ જાણનાર. विशेषज्ञ. one knowing the peculiarities. नाया० १, ५, ६, १७०;

परिन्ना. स्त्री० (परिज्ञा) પ્રત્યાખ્યાન; ત્યાગ. प्रत्याख्यान; त्याग. abandoning. ओघ० नि० ६२६;

परिन्नाय. सं० कृ० अ० (परिज्ञाय) જાણીને; સમજીને जानकर; समझकर. Having understood or known. आया० १, २, ३, ८०; १, ६, २. १८३, १८४; सूय० १, १, ४, २;

परिन्नाय-अ. त्रि० (परिज्ञात) સમજણપૂર્વક પચ્ચખાણ કરેલ. समझबूझकर-विवेकपूर्वककृत प्रत्याख्यान. Sensible. पिं० नि० २८१; ओघ० नि० ८०७;

√**परिप-ईर.** धा० I. (परि + प्र + ईर्) પ્રેરણા કરવી. प्रेरणा करना. To urge.

परिपिल्लइ. सु० च० ३, १६६;

परिपिंडिय. त्रि० (परिपिण्डित) એકત્ર થયેલું; એકઠું થયેલ. एकत्रित; संग्रहीत. accumulated; gathered. पिं० नि० ४६६; ४६५; प्रव० १५०; —वयण. न० (-वचन) ઉતાવળે બોલવાથી અસ્પષ્ટ-સંકીર્ણ થયેલ વચન. जल्दी २ बोलनेके कारण अस्पष्ट बोलजाने वाले वचन. Indistinct speech due to speaking humidly. प्रव० १५७;

परिपिहिय. त्रि० (परिपिहित) ઢાંકેલું. ढका-हुआ. Covered. आया० २, १, ५, २८;

परिपीलइत्ता. सं. कृ. अ० (परिपीड्य) પીડા કરીને; નાશ કરીને. दुःख पहुँचाकर; नष्ट करके. Having vexed or squeezed. पन्न० २८; जीवा० १;

परिपीलिय. त्रि० (परिपीडित) પાડા પામેલું. पीड़ा पायाहुआ; दुःखित. vexed. भग० ७, ६;

परिपीलियाण. सं. कृ. अ० (परिपीड्य) પીડા કરીને. दुःखदेकर; पीड़ा पहुँचाकर. Having vexed. आया० २, १, ८, ४३;

परिपुच्छणा. स्त्री० (परिपृच्छना) ગુરૂને પ્રશ્નાદિ પુછવા તે. गुरुसे प्रश्न आदिका पूछना. questions asked of a preceptor. जं० प० ७, १६६; उत्त० २६, २;

बंभावत्त. पुं० (ब्रह्मावर्त) એ નામનું છઠ્ઠા દેવલોકનું એક વિમાન કે જેમાં વસતા દેવોનું આયુષ્ય ૧૧ સાગરોપમ છે. इस नामका छठे देवलोकका एक विमान जिसके निवासी देवताकी आयु ११ सागरोपमकी है.

Name of a celestial abode of the 6th Devaloka; its gods live for 11 Sāgaropamas (a period of time). सम० ११;

बंभावति. स्त्री० (ब्रह्मावती) રમ્યકવિજયની મુખ્ય રાજધાની-નગરી. रम्यकविजयकी मुख्य राजधानी. The capital city of Ramyaka territory. जं० प०

बंभी. स्त्री० (ब्राह्मी) બ્રાહ્મી લિપિ. ब्राह्मी लिपि. Brāhmī script. भग० १, १; सम० १८; पन्न० १; (२) ઋષભદેવ પ્રભુની પુત્રી કે જેને પ્રભુએ બ્રાહ્મી લિપિ શીખવી હતી. ऋषभदेव प्रभुकी पुत्री जिसे प्रभुने ब्राह्मी लिपि सिखलाईथी. The daughter of Ṛṣabhadeva who was taught by him the Brāhmī script. भग० १, १; जं० प० सम० १८, २४; सम० प० २३४; प्रव० ३०८;

बंभुत्तरवडिंसग. पुं० (ब्रह्मोत्तरावतंसक) એ નામનું છઠ્ઠા દેવલોકનું એક વિમાન કે જેના દેવોનું ११ સાગરોપમ આયુષ્ય છે. इस नामका छठे देवलोकका एक विमान जिसके देवोंका आयु ११ सागरोपमका है. A celestial abode of the 6th Devaloka; its gods live upto 11 Sāgaropamas (a period of time). सम० ११;

बक. पुं० (बक) બગલો. बगला A stork. पण्ह० १, १;

बकुलग्ग. पुं० (बकुलक) બકુલ વૃક્ષના નામે કોઇ માણસનું પાડેલું નામ. बकुल वृक्षके नामपर रखाहुआ किसी मनुष्यका नाम. Name given to a man on the name of the Bakula tree. अणुजो० १३१;

बकुसी. स्त्री० (बकुशी) બકુશ દેશની ઉત્પન્ન થયેલી દાસી. बकुश देशमें उत्पन्न दासी. A maid-servant born in Bakuśa country. नाया० १;

बग. पुं० (बक) બગલો. बक; बगुला. A stork. पन्न० १;

बगिग्र. त्रि० (बकीय) બગલા સંબંધી. बगुले सम्बन्धी. Pertaining to a stork. विवा० ३;

बज्झ. त्रि० (बाह्य) બાહ્ય વસ્તુ; બહારની વસ્તુ. बाहरकी वस्तु. External object. विशे ८१४; पंचा० १०, ४२; (२) બહારનું; બીજાઓ જાણે તેવી રીતનું. बहारका; दूसरोंकि जाननेके योग्य. External; public. उत्त० ३०, ८;

बज्झ. न० (बन्ध्य) બંધનું કારણ—પાશલો, વાગુરાદિક બંધન. बंधका कारण. The cause or means of a bondage; a snare noose etc. सूय० १, १, २, ८; —**अभाव.** पुं० (-अभाव) બાહ્ય ક્રિયાની અપ્રવૃત્તિ. बाह्य क्रियाकी अप्रवृत्ति-अभाव. Absence of external activity. पंचा० ११, १७;

बज्झग्रो. अ० (बाह्यतस्) બહારનું. बहारका. Externally. आया० १, ५, ३, १५३; उत्त० ६; ३५;

बज्झंतय. त्रि० (बध्यमान) બધ્યમાન કર્મ પુદ્‌ગલ; વર્તમાન કાળમાં બંધાતાં કર્મ. बध्यमान कर्म पुद्गल; वर्तमान कालमें बंधनेवाले कर्म. The binding karmic molecules; a karma binding in the present. "जुम्मावद्धाबज्झंतयाय पत्ता उईरणावलिअं" विशे० २६६२; क० गं० १, ३५;

बज्झंतर. त्रि० (बाह्यान्तर) બાહ્ય અને અભ્યન્તર. बाह्य और अभ्यन्तर. External and internal. विशे० ३११;

बहुआगम. पुं० (बह्वागम) ઘણાં આગમનો જાણકાર. बहुतसे आगमोंका ज्ञाता. Knower of many scriptures. वव० १, ३७;

बब्भिआयण. न० (बाभ्रव्यायन) પૂર્વાષાઢા નક્ષત્રનું ગોત્ર. पूर्वाषाढा नक्षत्रका गोत्र. The family-origin of the constellation Pūrvāṣādhā. जं० प० ७, १५६;

बडिस. न० (बडिश) માછલાને વિંધવાને માટે વપરાતો લોઢાનો સળીઓ, કે જેના ઉપર માંસની કે લોટની ગોળી રાખવામાં આવે છે. मछलीको बींधनेके लिए काममें लाई जानेवाली लोहेकी सलाई जिसपर मांस या आटेकी गोली लगाई जाती है; फन्दक; बडिश. A hook; an angle. उत्त० ३२, ६३;

बडुअ. पुं० (बटुक) નાન્હો છોકરો બ્રહ્મચારી. बटुक; ब्रह्मचारी; बालक. A young boy; a stripling. सु० च० ८, ४८; ओघ० नि० भा० ६०;

बत्तीस. त्रि० (द्वात्रिंशत्) બત્રીસ. बत्तीस. Thirty two. भग० १, ५; २, ८; ३, १; ७, १; १०, ६; १२, ६; १६, ५; १६, ७; २०, ५; सम० २४; ३२; नाया० १; ५; ८; नाया० ध० ५; नंदी० ४६; पिं० नि० ३७८; ६४२; विवा० २; वव० ८, १५; ओव० १६; पन्न० २; ४; सु० च० २, ३०६; क० गं० ६, ५६; पंचा० १६, ३३; जं० प० ५, ११५; ७, १३३; ३, ६७; २, २०; —**पुरिसोवयारकुसला.** स्त्री० (पुरुषोपचारकुशला) પુરૂષનો ઉપચાર કરવાના બત્રીશ પ્રકારમાં કુશળ. पुरुष चिकित्साके बत्तीस प्रकारोंकी कुशल ज्ञाता. Skilful in the 32 varieties of treating men. नाया० ३; —**सय.** न० (शत) બત્રીશસો. बत्तीससौ; ३२००. Thirty two hundred; 3200. विवा० ७;

बत्तीसइबद्ध. त्रि० (द्वात्रिंशद्बद्ध) બત્રીશ પ્રકારથી બંધાયેલ. बत्तीस भाँतिसे बँधाहुआ. Bound in 32 ways. नाया० १; राय० ७८; भग० ६, ३३;

बत्तीसइम. त्रि० (द्वात्रिंशत्तम) બત્રીશમું. बत्तीसवाँ. Thirty-second. नाया० १; भग० २, १; २०, ५;

बत्तीसइविह त्रि० (द्वात्रिंशद्विध) બત્રીશ પ્રકારનું बत्तीस प्रकारका. Of thirty two varieties. भग० ११, १०;

बत्तीसबद्ध. त्रि० (द्वात्रिंशद्बद्ध) બત્રીશ પ્રકારનું; બત્રીશ પ્રકારે બંધાયેલ-રચાયેલ बत्तीस प्रकारका; बत्तीस तरहसे बनायाहुआ-निर्मित. Of 32 kinds; bound or arranged in 32 ways. भग० ३, २; प्रव० ६८३;

बत्तीसविह. त्रि० (द्वात्रिंशद्विध) બત્રીશ પ્રકારનું. बत्तीस प्रकारका. Of 32 kinds. भग० ३, १; १८, २;

बत्तीसिआ(या). स्त्री० (द्वात्रिंशिका) માણીના બત્રીશમા ભાગનું એક ધાન્ય માપવાનુ માપ. मानीके बत्तीसवें भागका धान्य मापनेका एक साधन. A means of measuring the 32nd part of 1 māni (6 maunds). अणुजो० १३२; राय० २७२;

बत्थि पुं० (बस्ति) નાભિની નીચેનો એક અંદરનો શરીર અવયવ; પેડુ. नाभिके नीचेका भीतरी अवयव; पेडु; बस्ती Pelvis. जं० प० पिं० नि० भा० ४१; पण्ह० १, ३; (२) છત્રનો મધ્ય ભાગ. छत्रका मध्य भाग. The middle part of a royal umbrella. जं० प० (३) પાણીની મશક. पानीकी मशक. A leather-bag of a water. भग० १, ६; १८, १०; नंदी० ४७; राय०

२६०; —रोम. त्रि० (रोमन्) गुह्यरोम-वाળा. गुह्यरोम-वाला. Pubic hair. निसी० ३, ४१;

बत्थिकम्म. न० (बस्तिकर्मन्) नખ તથા બગલના રોમ-કેશ સમારવા તે. नख एव बगलके बालोंका सम्हारना-बनवाना. Paring the nails and shaving the hair of the armpit. सूय० १, ६, १२; (२) યોગની એક શારીરિક ક્રિયા કે જેથી શરીરના અંદરના અવયવો સાફ કરાય છે. योगकी एक शारीरिक क्रिया जिसकेद्वारा शरीरके भीतर अवयवोंकी शुद्धि कीजाती है. A physical exercise of yoga which produces the purity of internal organs. नाया० १३; वस० ३, ६; विवा० १;

बदर. न० (बदर) બોર. बेर; बोर. A Plum. पन्न० १;

बद्ध. त्रि० (बद्ध) બંધાયેલ. बँधाहुआ; बद्ध. Bound; tied. आया० १, २, ६, १०२; सम० ११; भग० १, १; ३, ३; ७, ६; ११, १०; १२, ४; पिं० नि० ५८४; राय० २५३; ओव० ३०; नाया० १; २; १७; जं० प० ३, ४८; ७, १६६; (२) જીવ પ્રદેશની સાથે બંધાયેલ કર્મ. जीव प्रदेशके साथ बँधेहुए कर्म. Karmas bound with the soul. विसे० २५१३; (३) ગદ્યપદ્યરૂપે રચાયેલ સૂત્ર. गद्य-पद्य-आकार-रूपमें रचित सूत्र A Sūtra written in both prose and poetry. विसे० ३३५५; —आउअ. त्रि० (-आयुष्क) જેણે અભિપ્રેત નામ.ગોત્રનું આયુષ્ય બાંધી દીધું હોય તે. अभिप्रेत नाम गोत्रकी आयुष्य बांध दी हो वह. (one) who has fixed the age of Abhipreta Nama-gotra. अणुजो० १४६; —कच्छ. त्रि० (-कच्छ) કચ્છ બાંધેલ; તૈયાર થયેલ. कच्छबद्ध; कटिबद्ध; तत्पर; तैयार. (one) who is girded; prompt; ready. भग० ६, ३३; महा० प० १३०; —पएसिय. पुं० (-प्रादेशिक) આયુના પ્રદેશ બાંધેલા હોય તેવો. आयुके प्रदेशोंसे आबद्ध. Bound by the molecules of life. नाया० १३; —पुट्ठ. त्रि० (स्पृष्ट) અત્યંત ગાઢ બાંધેલ; બાંધીને સ્પર્શ કરેલ. खूब कसकर बँधाहुआ; बँधकर स्पर्श कियाहुआ. Bound very tightly; touched after being bound. विसे० ३३६; —फल. न० (-फल) ઉત્પન્ન થયેલું ફળ. उत्पन्न फल. Fruit put forth. नाया० ७; —मउड. त्रि० (-मुकुट) જેણે મુગટ બાંધેલ છે તે (રાજા). मुकुटधारी (राजा). A crowned king. भग० १३, ६; —मूल. त्रि० (-मूल) જેનું મૂળ બાંધેલ હોય તે. बद्धमूल. (That) whose root is fixed. भग० १५, १; —लक्ख. त्रि० (-लक्ष्य) બાંધેલ છે લક્ષ્ય-દૃષ્ટિબિંદુ જેણે તે. निश्चित दृष्टिबिन्दुवाला. Attentive; concentrating. गच्छा० ३६;

बद्धग. त्रि० (बद्धक) જુઓ "બદ્ધ" શબ્દ. देखो "बद्ध" शब्द. Vide "बद्ध". उत्त० ३३, १८;

बद्धिल्लग. त्रि० (बद्ध) બંધાયેલ; જીવની સાથે સંબંધવાળું. जीवसे सम्बन्ध रखनेवाला. Bound; related to the soul. पन्न० १२;

बद्धीसक. पुं० (बद्धीसक) વાદ્ય વિશેષ. वाद्य विशेष. A particular kind of musical instrument. पराह० २, ५;

बद्धेल्लग. त्रि० (बद्ध) જીવની સાથે સંબંધ કરેલ. जीवके साथ सम्बद्ध. Bound with the soul. पन्न० १२; (२) ગ્રહણ કરેલ. ग्रहण कियाहुआ. Accepted. अणुजो० १४१;

बद्धेलग. त्रि० (बद्ध) જુઓ " અદ્ધેલગ " શબ્દ. देखो " बद्धेलग " शब्द. Vide " बद्धेलग." निसी० १२, १;

बप्प. पुं० ( ) પિતા; બાપ पिता. बाप. Father. जं० प० २, १६; दसा० ७, १८; पयह० १, १;

बप्फ. न० (बाष्प) વરાળ; બાફ. बाफ; बाष्प. Vapour. विशे० १५३५; पिं० नि० २५६;

बब्बर. पुं० (बर्बर) બર્બર દેશ. बर्बर (जंगली-अनार्य) देश. Barbara country; a barbarian-country. जं० प० भग० ३, २; प्रव० १५६७; (२) त्रि० બર્બર દેશ નિવાસી. बर्बर देशवासी. A barbarian; an inhabitant of Barbara country. पन्न० १; पयह० १, १;

बब्बरिया. स्त्री० (बार्बरिका) બર્બર દેશની દાસી. बर्बर देशकी दासी. A maid-servant of Barbara country. भग० ६, ३३;

बब्बरी. स्त्री० (बर्बरी) બર્બર દેશમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી. बर्बर देशमें उत्पन्न एक स्त्री. A female born in Barbara country. जं० प० ओव० ३३; नाया० १;

बम्ह. पुं० (ब्रह्मन्) શ્રવણ નક્ષત્રનો સ્વામી દેવતા. श्रवण नक्षत्रका स्वामी देवता. The god of Śravaṇa constellation. जं० प० ७, १५७; ठा० २, ३; (२) નવમા મુહૂર્તનું નામ. नवें मुहूर्तका नाम Name of the 9th Muhūrta. सु० प० १०;

बम्हकूड. पुं० (ब्रह्मकूट) બ્રહ્મકૂટ વખારા પર્વતના ચાર કૂટમાંનું બીજું શિખર. ब्रह्मकूट-वखारा पर्वतके चार कूटोंमेंसे दूसरा शिखर. The 2nd peak of the 4 of Vakhāra mountain. जं० प०

बयर. पुं० (बदर) બોર. बेर; बोर. A plum. अणुजो० १४३;

बरग. पुं० (बरक) બંટી; ધાન્ય વિશેષ. धान्य विशेष. A kind of corn. जं० प०

बरट. पुं० (बरट) બંટી; ધાન્યની એક જાત. एक प्रकारका धान्य. A kind of corn. प्रव० १०१३;

बरहिण. पुं० (बर्हिन्) મોર. मोर. Peacock. नाया० १, ६; पयह० १, १; पन्न० १; ओव०

बरुड. पुं० ( ) સાદડી, સુંડલા, ઈંઢાણી, સુથાવાં, સુપડાં ઇત્યાદિ બનાવનાર. बरुड़, चटाई, सूप, टोकरी आदि बनानेवाला. A basket-maker. अणुजो० १३१;

बल. न० (बल) શરીરની શક્તિ; તાકાત; સામર્થ્ય. शारीरिक बल-सामर्थ्य Strength; power.

बलसा. तृ० ए० व० ठा० ५, ३; भग० १, ३, ८; ३, २; ७, ७; ६, ३३; १२, ५; ओव० १६; ३४; सु० प० १७; जं० प० ३, ५२; निसी० २, ३०; १८, १६; पन्न० २३; ठा० १, १; उवा० ३, १८; राय० ३२; २१५; २२२; २८२; नाया० ८; १६; प्रव० ५०५; पंचा० १५, २७; भग० १२; उवा० ७, २१८; (२) સેના. सेना; फौज. An army. भग० ११, ६-११; १५, १; नाया० १; २; १४; १६; राय० २०६; पयह० १, ३; उत्त० ६, ४; भाव० २६; (३) માનસિક શક્તિ. मानसिक शक्ति. Mental force. भग० ३, ६; दसा० ८, ३५; नाया० १; (४) એ નામનો વીતશોકા નગરીનો રાજા. इस नामका वीतशोका नगरीका राजा. A king so named of Vitaśokā city. नाया० ८; (५) ઇંદકેશી મુનિનું અપરનામ. हरकेशी मुनिका दूसरा नाम. Another

name of Harkeśī sage. उत्त० १२, १; (७) नन्दनवनना બલકૂટમાં વસનાર દેવ અને તેની રાજધાની. नन्दनवनके बलकूट निवासी देव और उनकी राजधानी. Gods residing in the Bala peak of Nandana forest and their capital. जं० प० (८) ઉપચય; વધારો. संग्रह; वृद्धि. Accumulation; increase. विशे० १६२६; (८) હસ્તિનાગપુરનો રાજા. हस्तिनागपुरका राजा King of Hastināgapura. भग० ११, ११; (९) બલ નામનો એક રાજર્ષિ. बल नामक एक राजर्षि. A royal sage so named. ओव० ३८; (१०) આત્મિક શક્તિ. आत्मिक शक्ति. Soul-force. नाया० १; (११) न० પુષ્પિકાના નવમા અધ્યયનનું નામ. पुष्पिकाके नवें अध्ययनका नाम. Name of the 9th chapter of Puṣpikā. निर० ३, १; —अभियोग. पुं० (-अभियोग) બળપૂર્વક આજ્ઞા. बलपूर्वक आज्ञा. A forcible command. प्रव० ७६६; ६५३; पंचा० १२, ८; भग० ७, ६; —अमद. पुं० (-अमद) બળનો મદ ન કરવો તે. बलका घमड न करना; निरभिमानता. Not entertaining any pride of strength भग० ८, ६; —तिभाय. पुं० (-त्रिभाग) સેનાનો ત્રીજો ભાગ. सेनाका तीसरा भाग. The 3rd part of an army. नाया० १६; —मय. पुं० (-मद) બળનો મદ-ગર્વ. बलका गर्व Pride of power. सम० ८; ठा० ८, १; —वाउय(य). पुं० (-व्यापृत) સેનાનો અધિકારી. सेनाका नायक. A commander of an army. नाया० ८; १६; ओव० दसा० १०, १; —वाहणकहा स्त्री० (-बलवाहनकथा) લશ્કરનાં અંગો તથા વાહનોનું વર્ણન. सेनाके अंगो तथा वाहनोंका वर्णन. A description of the constituents and vehicles of an army. ठा० ४, २; —विवड्ढण त्रि० (-विवर्धन) બળ-શરીરનું સામર્થ્ય વધારનાર. शारीरिक बलको बढानेवाला. That which increases physical strength. गच्छा० ६२; —विवड्ढणट्ठ. न० (-विवर्धनार्थ) બળ વધારવાને. बल वृद्ध्यर्थ. For increasing strength. क्रिया० ५; —वीरिय. न० (-वीर्य) બળ વીર્ય; પુરુષાકાર. बलवीर्य; पुरुषाकार. Manliness. नाया० १६; दसा० ६, २८; —संपण्ण. त्रि० (-संपन्न) સંપૂર્ણ બળવાન. सम्यक् समर्थ; पूर्ण सशक्त. Fully powerful. भग० २, ५; —संपन्न. त्रि० (-संपन्न) જુઓ ઉપલો શબ્દ. देखो उपरका शब्द. Vide above. ठा० ४, २; —हेउ. पुं० (-हेतु) બળનું કારણ. बलका निमित्त. The reason or cause of power. नाया० १८;

बलकूड. न० (बलकूट) નન્દન વનના નવ કૂટમાંનું નવમું કૂટ-શિખર. नन्दन वनके नौ कूटोंमेंसे नवाँ शिखर. The ninth of the 9 peaks of Nandana forest. जं० प० सम० ५००;

बलण्णु. त्रि० (बलज्ञ-बलमात्मन: शक्तिं जानातीति) પોતાની શક્તિ જાણનાર. आत्म शक्तिका जाननेवाला. (one) who knows his own strength. आया० १, २, ५, ८८;

बलत्थ. पुं० (बलस्थ) બળવાન; બળી. बलवान्; बली. Powerful; strong. भग० १२, ६;

बलदेव. पुं० (बलदेव) કૃષ્ણ વાસુદેવના મોટા ભાઈ કે જે તેને યુદ્ધમાં સહાય

આપી અન્તે સંયમ લઈ મોક્ષ પદવી પ્રાપ્ત કરે છે. कृष्णवासुदेवके ज्येष्ठ बन्धु जो उन्हें युद्ध में सहायता प्रदान कर अन्तमें संयम ग्रहणके बाद मोक्ष पदवी प्राप्त करते है. The elder brother of Kṛṣṇa Vāsudeva who helped him in the battle and becoming an ascetic is attaining salvation. पग्ह० १; नाया० १; ५; १६: अंत० १, १; दस० ६, ४; जं० प० ओव० ३४; सम० १०: जीवा० ३, ४; निर० ५, १; भग० ५, ५; ११, ११: १६, १; कप्प० २, १६; (२) જંબુદ્વીપના ભરતખંડમાં થનાર ૧૪ મા તીર્થંકરના પૂર્વ ભવનું નામ. जंबूद्वीपके भरत खण्डमें होनेवाले १४ वें तीर्थंकरके पूर्व भवका नाम. Name of the previous life of the 14th Tīrthaṅkara to be born in Bharatkhaṇḍa of Jambūdvīpa. सम० प० २४१; —जीव. पुं० (-जीव) બળદેવનો જીવ. बलदेवका जीव. The soul of Baladeva. प्रव० ४७०; —मायरा. स्त्री० (-मातृ) બળદેવની માતા. बलदेवकी माता. The mother of Baladeva. नाया० १;

बलइ. पु० (बलीवर्द) બળદ. बैल. An ox. सु० च० १२, ६०;

बलज्ञ. त्रि० (बलज्ञ-बलाबलं जानातीति) બળાબળ જાણનાર. बलाबलका ज्ञाता. (one) who knows strength and weakness. आया० १, ७, ३. २: ६;

बलभत्त. पुं० (बलभक्त) દેવને માટે ભોજન; બળિદાન. देव प्रीत्यर्थ भोजन; बलिदान. An oblation. निसी० ६, ६;

बलभद्द. पुं० (बलभद्र) આવતી ચોવીસીના સાતમા વાસુદેવ. आगामी चौबीसेके सातवें वासुदेव. The 7th Vāsudeva of the coming chaubisī. सम० प० २४२; (२) મહાબળ રાજાનો પુત્ર. महाबल राजाका पुत्र. Son of the king Mahābala. नाया० ८; (३) એ નામનો રાજા. इस नामका राजा. A king so named. उत्त० १६, १; —कुमार. पुं० (-कुमार) બળભદ્ર કુમાર. बलभद्र कुमार. The prince Balabhadra. नाया० ८;

बलमित्त. पुं० (न०) (बलमित्र) એક કુમાર. एक कुमार. A prince. नाया० ८;

बलवंत. त्रि० (बलवत्) બળવાન્. बलवान बली. Powerful; strong. भग० १४, १; १६, ४; १६, ३; २५, ८; नाया० १; जीवा० ३, २; आया० २, ५, १, १४२; (२) સૈન્યયુક્ત. सैन्ययुक्त; फौजवाला. Having an army. ओव० (३) આઠમા મુહૂર્તનું નામ. आठवें मुहूर्तका नाम. Name of the 8th muhūrta (part of a day). जं० प० ७, १५२;

बलवग. पुं० (बलवत्क) બળવાન્. बलवान् : शक्तिशाली. Powerful; strong. नाया० ५; १६;

बलसिरी. पुं० (बलश्री) મૃગારાણી અને બળભદ્ર રાજાનો પુત્ર કે જે મૃગાપુત્ર એ નામથી પ્રસિદ્ધ છે. मृगारानी और बलभद्र राजाका पुत्र जो मृगापुत्र नामसे प्रसिद्ध है Son of the king Balabhadra and the queen Mṛgā; he is also known as Mṛgāputra. उत्त० १६, २;

बलहरण. पुं० (बलहरण) મોભ. Wax "बलहरणे भियाई" भग० ८, ६;

बला. स्त्री० (बला) માણસની દશ દશાઓ પૈકી ચોથી દશા ૩૧ થી ૪૦ વર્ષ સુધીની ભરજુવાનીની અવસ્થા, કે જેમાં શરીરનું બળ ખીલી નીકળે છે. मनुष्यकी दस दशा-

श्रोंमेंसे चौथी दशा, ३१ से चालीस वर्ष तककी पूर्ण यौवनावस्था जिसमे शरीरकी शक्ति विकसित हो जाति है. The 4th stage of the 10 stages of a man which ranges from 31st to 40th year when his full physical power comes out. तंडु०

बला. अ० (बलात्-बलात्कारेण) બલાત્કારથી. बलात्कारसे; जबर्दस्तीसे. Forcibly. श्रोघ० नि० भा० २०;

बलाका. स्त्री० (बलाका) બગલી. बगुली; मादा बगुली. A female stork पग्ह० १, १;

बलाग पुं० (बलाक) બગલો. बगुला. A stork पन्न० १; नाया० १;

बलागा. स्त्री० (बलाका) બગલી, પક્ષિ વિશેષ. बगली; पत्नी विशेष. A female stork. उत्त० ३२, ६; पिं० नि० ६३२;

बलाय. त्रि० (बलवत) સંયમથી પતિત થતાં મરણ નિપજે તે; બાળ મરણમાંનું એક. संयमभ्रष्ट होनेके कारण प्राप्त मृत्यु; बालमृत्युका एक प्रकार. Death due to a lapse in self-restraint; a kind of non-religious death. प्रव० १०२०; —**मरण.** न० (-मरण) જુઓ "બલાય" શબ્દ. देखो "बलाय" शब्द. Vide "बलाय." प्रव० १०२०;

बलाया. स्त्री० (बलाका) બગલી. बगुली. A female stork. जीवा० ३, ४; राय० ५४;

बलायालोय. पुं० (बल.कालोक) મ્લેચ્છ લોકોનો એક દેશ. म्लेच्छ लोगोंका एक देश. A country of the Mlechchhas. ज० प० ३, ५२;

बलाहक पुं० (बलाहक) મેઘ. मेघ; बादल. A cloud. जीवा० ३, ४;

बलाहग. पुं० (बलाहक) મેઘ. मेघ. A cloud. भग० ३, ४; (२) બગલો. बगुला. A stork. जं० प० ५, ११३;

बलाहय. पुं० (बलाहक) મેઘ. मेघ. A cloud. नाया० ५; राय० ५५; पन्न० १७; भग० २, ५; ६, ५; दस० ७, ५२; जीवा० ३, ४; (२) બગલો. बगुला. A stork. कप्प० ३, ४२;

बलाहिका. स्त्री० (बलाहिका) ઊર્ધ્વલોકવાસી આઠ દિશાકુમારીમાંની છેલ્લી. ऊर्ध्वलोकवासी आठ दिशाकुमारियोंमेंसे अन्तिम दिशाकुमारी. The last Disākumārī of the eight who reside in the upper world. ज० प० (२) નન્દનવનના વજ્રકૂટમાં વસનારી દેવી અને તેની રાજધાની. नन्दनवनके वज्रकूटमें रहनेवाली देवी और उसकी राजधानी. A goddess residing in the Vajrakūta of Nandana forest and her capital. जं० प०

बलि. पुं० (बलिन्) ઉત્તર દિશાના અસુર કુમારોનો સ્વામી-ઈન્દ્ર. उत्तर दिशाके असुर कुमारोंका स्वामी-इन्द्र. The lord of the Asura kumārs of the North. भग० ३, १; १०, ८; १६, ६; पन्न० २; ठा० २, ३; जीवा० ३, ४; नाया० ८; नाया० ध० सम० ३२; जं० प० ५, ११६; (२) દેવતાને બલિ કર્મમાં અપાતી ભેટ. बलिकर्ममें देवोंको दी जानेवाली भेंट. An offering given as a sacrifice to gods. पंचा० ४, १४; ६, ३१; भग० ११, ६; सु० प० २०; पिं० नि० १६५; पराह० १, १; (३) એ નામના છઠ્ઠા પ્રતિવાસુદેવ. इस नामके छठे प्रतिवासुदेव. The 6th Prativāsudeva so named. प्रव० १२२७; —**कम्म.** न०

(कर्मन्) શરીરની સ્ફૂર્તિને માટે તેલાદિથી મર્દન કરવું તે. शरीरकी स्फूर्तिके लिए तैलादि मर्दन कार्य. Rubbing oil etc. on the body for refreshing it. ओव० ११; भग० २, ५; (२) દેવતાને નિમિત્તે અપાય તે. देवताके निमित्त दियाजानेवाला. That which is offered for gods. ओव० २७; सूय० २, २, ५५; (३) ગૃહ દેવતાનું પૂજન. गृह देवताकी पूजा. Worship of a household diety. कप्प० ४, ६७; ओव० ११; जं० प० —कड. त्रि० (-कृत) બાકળા વગેરેનું બલિ આપેલ. ....बाकलेकी दीहुई बलि. An offering of cooked pulse etc. प्रव० ८८०; —कारिया. स्त्री० (-कारिका) બલિકર્મ કરનાર (સ્ત્રી). बलिकर्म करनेवाली स्त्री. A female who offers oblations etc. भग० ११, ११; —पिंड. पुं० (-पिण्ड) બલિકર્મ માટે કરેલ પિંડ-દ્રવ્ય વિશેષ. बलिकर्मके लिए किये हुए पिंड-द्रव्य विशेष. A ball made for an offering. भग० ११, १०; —पेढ. पुं० (-पीठ) સૂર્યાભની બલિકર્મ કરવાની બેઠક. सूर्याभकी बलिकर्म करनेकी बैठक. A seat of Sūryābha for offering. भग० १६, ६; राय० १७०;

बलिचंचा. स्त्री० (बलिचंचा) એ નામની બલીન્દ્રની રાજધાની. बलीन्द्रकी इस नामकी राजधानी. A capital city so named of Balīndra. भग० ३, १; १०, ५; १६, ६; नाया० ध० २;

बलिय. त्रि० (बलिक) બળવાન્; શક્તિવાળું. बलवान्; शक्तिशाली. Powerful. नाया० ५; १६; भग० ६, ३३, १५, १; कप्प० ६, १७; —सरीर न० (-शरीर) બલિષ્ઠ શરીર. बलिष्ठ शरीर. A powerful body. नाया० ५; १६; भग० ६, ३३; १५, १;

बलियतर. त्रि० (बलवत्तर=गाढतर) મજબૂત; ઘાઢું. मजबूत; दृढ़; गाढ़ा. Harder; tighter; stronger. भग० ६, ३३; नाया० ६;

बलियतराग. त्रि० (बलवत्तरक) દૃઢ; ઘાઢું મજબુત. दृढ़; अधिक गाढ़ा. Tight; stronger. नाया० १; २; ८;

बलियत्त. न० (बलिकत्व-बलं विद्यतेऽस्येति तस्य भावस्तत्) બલિપણું; સામર્થ્ય. बलशालित्व; सामर्थ्य. Strength; powerfulness. भग० १२, २;

बलिस्सार. पुं० (बलिस्सार) ઉત્તર દિશાના અસુર કુમારનો ઇંદ્ર. उत्तर दिशाके असुर कुमारका इन्द्र. The lord of the Asura kumār of the north. प्रव० ११५२;

बलिस्सह. पुं० (बलिस्सह) મહાગિરિના શિષ્યનું નામ. महागिरिके शिष्यका नाम. Name of the disciple of Mahāgiri. नंदी० २५; कप्प० ८;

बव. पुं० (बव) દરેક મહિનાના શુક્લપક્ષમાં પાંચમ અને બારસને દિવસે તથા પડવો આઠમ અને પુનમની રાતે તેમજ કૃષ્ણ પક્ષમાં ચોથ અને અગિયારસને દિવસે તથા સાતમની રાતે આવતું એક કરણ; સાત ચરકરણમાંનું પહેલું કરણ; ११ કરણમાંનું પહેલું કરણ. एक करण जो प्रत्येक मासके शुक्लपक्षकी पंचमी और बारसके दिनमें तथा प्रतिपदा अष्ठमी और पूर्णिमाकी रात्रिमें तथैव कृष्णपक्षकी चतुर्थी और एकादशीके दिनमें और सप्तमीकी रात्रिको आता है; सात चरकरणोंमेंसे पहिला करण; ११ करणोंमेंसे पहिला एक. A Karaṇa (a sacred occasion) falling on the 5th and 12th

day, and the 1st, 8th and 15th night of the bright-half of every month; similarly in the dark-half of a month, falling on the 4th and 11th day and the 7th night; one of the 7 or 11 Karaṇas (a religious occasion). जं० प० ७, १५३; विशे० ३३४८;

बहल. पुं० (बहल) એ નામનો એક દેશ. इस नामका एक देश. A country so named. पन्न० १; (२) त्रि० જાડું; ઘટ્ટ. जाडा; घना; घट्ट. Thick; dense. ठा० ४, २; (३) દૃઢ; મજબૂત. दृढ; मजबूत. Thick; strong; firm. जं० प० (४) સખત; કઠણ. सख्त; कठिन; कठोर. Hard; solid. भग० ३, ४;

बहलतर. त्रि० (बहलतर) ઘણું મોટું. बहुत मोटा Very thick. पन्न० १;

बहलिक. त्रि० (बहलिक) બહલ દેશ નિવાસી. बहल देश निवासी. An inhabitant of Bahala country. पराह० १, १; पन्न० १;

बहलिय. त्रि० (बहलिक) બહલ દેશવાસી. बहल देशवासी. An inhabitant of Bahala country. पराह० १, १;

बहली. स्त्री० (बहली) બહલ દેશમાં જન્મેલ દાસી. बहल देशमें जन्मी हुई दासी. A maid-servant born in Bahala country. भग० ३, ४; नाया० १; ओव० ३३; जं० प०

बहस्सइ-ति. पुं० (बृहस्पति) એ નામનો એક ગ્રહ; ગુરુ નામે ગ્રહ. इस नामका एक ग्रह; गुरु नामक ग्रह. The planet jupiter. जं० प० ७, १५७; पराह० १, ५; पन्न० २; सू० प० १०; ठा० २, ३; (२) બૃહસ્પતિ નામે દેવતા. बृहस्पति नामक देवता. A god named Brahaspati. विवा० १; भग० ३, ७; (३) પુનર્વસુ નક્ષત્રનો અધિપતિ દેવતા. पुनर्वसु नक्षत्रका अधिपति देवता. The presiding diety of the Punarvasu constellation. ठा० २, ३; —**चरिया.** स्त्री० (-चर्या) બૃહસ્પતિની ચાલ જાણવાની વિદ્યા. बृहस्पतिकी गति जाननेकी विद्या. The art of knowing movements of jupiter. सूय० २, २, २७; —**दत्त.** त्रि० (-दत्त) બૃહસ્પતિનો દીધેલો. बृहस्पतिका दियाहुआ. Given or consecrated to jupiter. विवा० ५;

बहिआ. अ० (बहिर्) બહેર. बाहर. Outside. जं० प० ७, १४१; १, १; दसा० ३, ११;

बहिं. अ० (बहिर्) બહાર; બાહેર. बाहर. Outside. पिं० नि० २३२; उत्त० १४; ४; नाया० १;

बहिट्ठ. त्रि० न० (बहिःस्थ) મૈથુન સેવન; અબ્રહ્મચર્ય. मैथुन सेवन; अब्रह्मचर्य. Sexual intercouse. सूय० १, १६, ३;

बहिट्ठाण. न० (बहिःस्थान) વિષય સેવન. विषय सेवन. Sexual intercourse. राय० २२१;

बहिद्ध. न० (बहिर्ध्वन्) મૈથુન; સ્ત્રી સમાગમ. मैथुन; स्त्री संसर्ग-संग. Sexual intercaurse. सूय० १, ६, १०;

बहिद्धा. पुं० (बहिर्ध्वन्) માર્ગથી બહાર. मार्गसे बाहर. Out of the road. दसा० २, ४;

बहिपोग्गलपक्खेव. पुं० (बहिःपुद्गलप्रक्षेप) ઉપાશ્રયની બહાર કાંકરો વગેરે પુદ્ગલ ફેંકી કંઇ લાવવાનુ કહેવું તે; દશમા વ્રતનો એક અતિચાર. उपाश्रयके बाहर कंकरआदि पुद्गल

फेंककर कोई वस्तु बुलाना; दसवें व्रतका एक अतिचार. A violation of the 10th vow; telling someone to bring something by throwing a pebble etc. outside Upāśraya. प्रव० २८५;

बहिया. अ० (बहिस्) બાહેર; બહાર. बाहर. Outside. भग० २, ५; ५, ४; ८, ६; १५, १; नाया० १; २; ४; ५; १३; १५; १६; १६; आया० २, १, १, ४; अंत० १, १; उत्त० ६, १४; जं० प० निसी० ६, ६; ६, १०; ओव० १०; कप्प० १, २३; ८, ६; ६, ४१; वेय० १, ३८; प्रव० ५६२; उवा० १, ३; ७; ५४; —**अभिमुह.** त्रि० (-अभिमुख) બહાર તરફ મુખવાળું. बाहरकी ओर मुँहवाला; बहिराभिमुख. Facing outside. भग० ११, १०;

बहिर. त्रि० (बधिर) બહેરો; શ્રવણ શક્તિહીન. बहिरा; श्रवण शक्तिहीन. Deaf. सू० प० १; विशे० १६५; पण्ह० १, १;

बहिरंत. त्रि० (बधिरयत्) બહેરા કરતો; કશું સાંભળવા ન દેતો. ध्यान न देताहुआ; सुनी अनसुनी करता हुआ. Deafening. सु० च० २, ५०१;

बहिरत्त. न० (बधिरत्व) બધિરપણું; બહેરાપણું. बधिरता; बहिरापन. Deafness. प्रव० ५५१; आया० १, २, ३, ७८;

बहिल्लेस. त्रि० (बहिर्लेश्य) સંયમથી બહારની લેશ્યાવાળો; અસંયમ વૃત્તિવાળો. संयमके बाहरकी लेश्यावाला; असंयम वृत्तिवाला. (one) of the non-self-restraining class. ठा० ५, २;

बहु. अ० (बहु) ઘણું; અધિક; ઝાઝું; વધારે. बहुत; अधिक; अति. Much; excessive. भग० १, १-६; २, १-५; ३, १; ४, १०; ५, ३; ६, ३; ७, ६; १५, १; १८, २; नाया० १; २; ५; ८; ६; ११; १२; १४; १५; १६; दस० ४; ५, १, ७३-६६; ६, १४; ७, ४८; ८, ४२; दसा० ४, ५२; ६, १; २; ६, ४-१६; १०, ७; नंदी ३३; सू० प० १; १०; जीवा० १; पिं० नि० ८४; पिं० नि० भा० ११; आया० १, ३, २, १११; विशे० १२; गच्छ० १६; ५८; क० ग० ३, २३; ६; १४; ४२; विवा० १; जं० प० ५, ११५; ११४; ११२; —**अट्ठिय.** त्रि० (अस्थिक) જેમાં ઘણા ઠળીયા અથવા બીજ હોય તે. बहुतसे बीज या ठलुवाला. Having many seeds or stones. भग० ८, ३; —**आगम.** त्रि० (-आगम) ઘણાં શાસ્ત્રના જાણનાર. बहु शास्त्रवेत्ता. Knower of many scriptures. वेय० ४, २५; —**इड्ढि.** स्त्री० (-ऋद्धि) ઘણી સમૃદ્ધિ. विपुल समृद्धि. A great prosperity. नाया० ११; —**उज्झियधम्मिय.** न० (-उज्झितधर्मक) જેમાંથી ખાવામાં થોડું ઉપયોગમાં આવે અને વધારે નાખી દેવાનું હોય તેવું. अधिकांशमें बेकाम और कुछ २ उपयोगी खाद्य वस्तु. An eatable which contains much that has to be thrown away. दस० ५, १, ७४; —**उदग्र.** त्रि० (-उदक) ઘણા પાણીવાળું. बहुत पानीवाला. Having plenty of water. जं० प० ७, १५१; —**कंटक.** त्रि० (-कंटक) ઘણા કાંટાવાળું. बहुत कांटोंवाला; अति कँटीला. Very thorny. दस० ५ १, ७३; —**खज्ज.** त्रि० (-खाद्य) ખૂબ ખાવા લાયક (અન્નાદિ). खूब खाने योग्य. Fit to be eaten excessively. २, ४, २, १२८; —**गाम.** न० (-ग्राम) ઘણાં ગામ. बहुतसे गांव. Many villages. विवा० ३; —**गुण.** त्रि० (-गुण) ઘણા ગુણ.

बहुतसे गुण. Many merits. गच्छा० ८७; —क्षड. त्रि० (जहित) અનેક પ્રકારે તજેલું. कई भाँतिसे त्यक्त. Abondoned in many ways. दसा० ६, ३२; —जण. पुं० (-जन) બહુ માણસો; ઘણા લોકો. बहुतसे लोक. Numerous people. नाया० २; ५; ७; १३; १६; भग० २, १; ७, ६; १२, ५; १५, १; १८, ७; २५, ७; दसा० ६, १७; निर० ५, १; सम० ३०; —जणसद्द. पुं० (-जनशब्द) ઘણા માણસોનો શબ્દ-કોલાહલ. बहुतसे मनुष्योंका शब्द-कोलाहल. Din or bustle caused by many men. भग० ६, ३३; —जणपायोगत्ता. स्त्री० (-जनप्रायोग्यता) ઘણા માણસોને યોગ્ય. बहुतसे मनुष्योंके योग्य. Fit for many men. दसा० ४, ५८; —जण. त्रि० (-जन्य-बहु जनेभ्यो हितम्) ઘણા જણને હિત કરનાર. अधिकांश मनुष्यका हितावह. Beneficial to the majority of men. सूय० २, ६, २; —णाणार. त्रि० (-ज्ञातृ) ઘણું જાણનાર. बहुज्ञ; बहुत जाननेवाला. (one) knowing much. नाया० १४; १६; निर० ३, ४; —णेह. पुं० (-स्नेह) ઘણો સ્નેહ-સ્નિગ્ધ પદાર્થ. बहुत चिकना-स्निग्ध पदार्थ. Very greasy. नाया० १६; —णेहावगाढ. त्रि० (-स्नेहावगाढ) ઘણા ઘૃત તેલાદિથી યુક્ત. अधिक घी तैलादिसे युक्त Having plenty of ghee, oil etc. नाया० १६; —देवसिअ. त्रि० (-दैवसिक) ઘણા દિવસનું. बहुत दिनोंका. Of many days. " जे भिक्खू वासए मे पडिग्गहे अदेत्तिबहु बहुदेवसिएणं तेल्लेण वा आजाव साइज्जइ. " निसी० १४, १५; —पडिपुण्ण. त्रि० (-प्रतिपूर्ण) ખૂબ ભરેલું; ભરપુર. खूब भराहुआ; भरपूर. Full; full to the brim. (२) પુરેપુરું; સંપૂર્ણ. सम्पूर्ण; आकण्ठ; दबादब; पूरापूरा. Complete. कप्प० १, ८; नाया० १; १६; विवा० २; ६; —पडिपुण्णइंदिअ. त्रि० (प्रतिपूर्णेन्द्रिय) જેની ઇન્દ્રિયો શક્તિમાં પરિપૂર્ણ હોય તે. पूर्ण शक्ति सम्पन्न इन्द्रियवाला. (one) having fully grown senses. दसा० ४, १६; २०; २१; २२; २३; —पढिय. त्रि० (-पठित) ઘણું ભણેલ. बहुपाठी; खूब पढ़ाहुआ. Well-read. " बहुआयाओ बहु पढियाओ. " निर० ३; ४; —पदेसग्ग. त्रि० (-प्रदेशाग्र) ઘણા પ્રદેશવાળું. बहुतसे प्रदेशवाला. Occupying much space. भग० १, १; —पय. त्रि० (-पद) ઘણા પગવાળું; કાનખજુરો ઇત્યાદિ. बहुतसे पैरोंवाला; कानखजूरा; मैद आदि. Multi-ped. अणुजो० १३१; —परियावण्ण. त्रि० (-पर्य्यापन्न) ઘણું પર્યાપ્ત-પૂર્ણ. पर्याप्त; काफी; पूर्ण. Enough; sufficient; too much. निसी० २, ४५; —परिवार. त्रि० (-परिवार) ઘણા પરિવારવાળું. बहु कुटुम्बी. (one) having a large family. नाया० १४; १६; —प्पगार. त्रि० (-प्रकार) નાના પ્રકારનું. विविध. Of many varieties. भग० ७, ६; —प्पयार. त्रि० (-प्रकार) અનેક તરેહનું; વિચિત્ર પ્રકારનું. कई तरहका; विचित्र भाँतिका. Of different or peculiar kinds. प्रव० १०८४; —फासुय(अ). त्रि० (-प्राशुक) શુદ્ધ નિર્જીવ પદાર્થ; બહુ પ્રાસુક-અચિત. शुद्ध निर्जीव पदार्थ; बहु प्राशुक-अचित्त Pure, lifeless object. कप्प० ३, ६; ७, १७; ८, १२; भग० ८, ६; —फोड. त्रि०

( ) બહુ ખાનાર. बहुत खानेवाला; अखोरो. A glutton. ओघ० नि० भा० १६१; —बीज. त्रि० (-बीज) ઘણાં બીવાળું. बहुत बीजोंवाला. Having numerous seeds. प्रव० २४७; —बीय. त्रि० (-बीज) જેમાં વધારે બીજ હોય તે; ઘણા બીજવાળું. बहुत बीजों वाला. Having numerous seeds. जीवा० १; —बीयग. त्रि० (-बीजक) જેમાં અનેક બીજ હોય તે; ઘણાં બીજવાળું. अनेक बीजोंवाला. Having numerous seeds. पन्न० १; —भव. पुं० (-भव) અનેક ભવ. कई जन्म. Many lives. प्रव० २८; —भेय. त्रि० (-भेद) ઘણા ભેદવાળું. बहुत प्रकारका. Of many varieties. क० गं० १, १५; —मय(य). त्रि० (-मत) ઘણા જનને સંમત; બહુ માનનીય. बहु मान्य; बहुसम्मत Worshipful to or respected by many. पंचा० १८, ४८; भग० २, १; ६, ३३; नाया० १; पण्ह० २, २; उत्त० १०, ३१; वव० ३, ६; —मज्झदेसभाग. पुं० (-मध्यदेशभाग) બહુ મધ્યભાગ; બરાબર મધ્ય પ્રદેશ. सम मध्य प्रदेश. The middle part. जं० प० ५, ११६; नाया० ५; ८; १५; १६; विवा० २; —मत. त्रि० (-मत) ઘણી વસ્તુઓમાં સૌથી પહેલા ગણવા યોગ્ય; બહુ મનુષ્યોએ કબુલ કરેલું. अत्यन्त इष्ट; बहु जन प्रिय-स्वीकृत. Very desirable; admitted by many. ओघ० ३८; पंचा० ६, ३२; —माण. न० (-मान) ઘણું માન; અતિ સત્કાર. बहु मान-सत्कार. A great honour. भग० २५, ७; नाया० १; उत्त० ११, ४; ओघ० २०; पंचा० १, ३६; ४६; २, ३६; गच्छा० ६०; भत्त० २०; प्रव० ५५८; —मोल्ल. त्रि० (-मूल्य) ઘણી કિમ્મતવાળું; બહુ મુલ્યું. बहु मूल्य; बेश कीमती. Very valuable. प्रव० २८०; —रव. त्रि० (-रव) મોટા શબ્દવાળો. मोटे-जब शब्द-वाला. Having a loud tone. दसा० ६, १६; (२) યશસ્વી; વિખ્યાત. यशस्वी; विख्यात. Famous. सम० ३०; —रूव. त्रि० (-रूप) બહુરૂપી. बहुरूपी, बहु रूपिया. Having numerous forms or garbs. विशे० ६७; —लेव. पुं० (-लेप) ઘણો લેપ લાગ્યો હોય તે. बहुतसे लेपवाला. Having many coatings. आव० ६, १०; —लोइय. त्रि० (लौकिक) ઘણું લોક સમ્બન્ધી કાર્ય જેને હોય તે. अति लौकिक कामकाजवाला; सांसारिक कई कामकाजवाला. Having many secular or worldly affairs. नाया० ६; —वत्त-—व्वया. स्त्री० (-वक्तव्य) બહુ કથન. बहु भाषण कथन. Speaking a great deal. भग० २५, ३; —वयण. न० (वचन) બહુવચન. बहुवचन. Plural. ठा० ३, ४; आया० २, ४, १, १३२; —वाहड. त्रि० (व्याहृत) બહુધા ભરેલ. बहुधा भराहुआ. Generally full. दसा० ५, ३६; —विइक्कंत. त्रि० (-व्यतिक्रांत) ઘણું ગયેલ; ઘણો ભાગ પસાર થયેલ. बहुतफैला-बीताहुआ; गुजराहुआ. A great deal past or elapsed. कप्प० १, २; —वित्थडोदगा. स्त्री० (-विस्तृतोदका) જેમાં પાણી ઘણું વિસ્તરેલું હોય તેવી નદી. चौड़े पाटवाली नदी. A river with a vast expanse of water. दसा० ७, ३६; —विहिय. त्रि० (-विधिक) ઘણી વિધિવાળો. बहुतसी विधिवाला. Having many ways. आया० ८;

—संजय. त्रि० (—संयत) ઘણા સાવદ્યથી નિવૃત્ત; સંયમની બહુલતાવાળો. प्रचुर संयम वाला; बड़ी सावधानीसे मुक्त-निवृत्त. Having much self-restraint; completed with great caution. दसा० १०, ७; —संपत्त. त्रि० (—संप्राप्त) ઘણો ભાગ પસાર કરેલ; નજીક આવી પહોંચેલ. बहुतसा भाग पार कियाहुआ; पास आ पहुँचा हुआ. Finishing a greater part; coming near. भग० २, १; —संभारसंभिय. त्रि० (—संभारस्नेहकृत) ઘણાં દ્રવ્યથી સંસ્કાર પામેલી વસ્તુ. कई द्रव्योंद्वारा संस्कृत वस्तु. An object refined by many things. नाया० १६; —संभारसंजुत्त. त्रि० (संभारसंयुक्त) ઘૃતાદિ અનેક દ્રવ્યથી સંસ્કારિત વસ્તુ. घृतादि अनेक द्रव्योंद्वारा संस्कारित पदार्थ. An object refined by many articles such as ghee etc. नाया० १६; —संभूत त्रि० (-संभूत) ઘણા પ્રમાણમાં ઉત્પન્ન થયેલું. बहुत प्रमाणमें उत्पन्न Produced in a great quantity. दस० ७, ३३-३५; —सम. त्रि० (-सम) ઘણું સરખું-સપાટ. बिलकुल समतल; समान. Very flat or even. भग० १३, ४; नाया० १; दस० ७, ३७; सम० ३४; समरमणिज्ज. त्रि० (—समरमणीय) સપાટ હોવાથી ઘણું રમણીય. समतल अतएव अत्यन्त रमणीक. Very attractive due to being flat. जं० प० १, ११; ३, ५२; ५, ११६; भग० ३, ७; ६, ७; —समोववन्नग. त्रि० (—समोपपन्नक) બરાબર નિયમસર ઉત્પન્ન થનાર. बराबर नियमित रूपसे उत्पन्न होनेवाला. Born or produced at regular time. पन्न० ३; —सलिलुप्पिलोदगा. स्त्री० (सलिलोत्पीलोदका) બીજી નદીઓના પાણીને રોકનાર (નદી). दूसरी नदियोंके पानीको रोकनेवाली नदी. A river which checks the water of other rivers. दस० ७, ३६; —सस्स. त्रि० (—शस्य) ઘણું પ્રશંસનીય. अति प्रशंसनीय; स्तुतिपात्र. Very praiseworthy. सु० च० २, १६; —सिक्खिय. त्रि० (—शिक्षित) ઘણું ભણેલ. बहुत पढ़ाहुआ; विशेष शिक्षित. Very learned. नाया० १४; —स्सुअ(य). त्रि० (—श्रुत) વિદ્વાન; ઘણાં શાસ્ત્રોને જાણનાર. विद्वान. बहुतसे शास्त्रोंको जानेवाला. A learned; versed in many scriptures. दसा० ४, १५; भग० २, ५; निर० ३, ५; वेय० ४, २५; दस० ८, ४४; सू० प० २०; उत्त० ५, २६; ११, १५; ठा० ६, १; सूय० १, २, १, ७; सु० च० १, ३८६; नाया० ८; १४; १६; ओघ० नि० ७८३; वव० १, ३७; गच्छा० ६४;

बहुअ. न० (बहुक) ઘણાપણું; અધિકતા. अधिकता; बाहुल्य; प्राचुर्य. Profusion; excess. भग० २, २; ३, २;

बहुई. स्त्री० (बह्वी) ઘણી. बहुत; घनी. Much. जं० प० ३, ५३;

बहुओ. अ० (बहुतस्) ઘણે ભાગે. अधिकांश. In the majority. प्रव० ११८०;

बहुग. न० (बहुत्व) ઘણાપણું; અધિકતા. अधिकता; विपुलता. Opulence; profusion. पन्न० २; भग० १२, ३;

बहुगबंध. पु० (बहुकबन्ध) મ્હોટો બંધ. मोटा बन्ध. A great bond. भग० १८, ८;

बहुतर. त्रि० (बहुतर) ઘણુંજ વધારે; અતિ ઘણું. अत्याधिक; अतिशय. Very much. क० प० १, ८१; भग० १, २; ७, १०;

बहुतरय. त्रि० (बहुतरक) વધારે પડતું. बहुत सा. Too much भग० ७, १०; ८, ६;

बहुतराग. त्रि० (बहुतरक) ઘણા કાળનાં બાંધેલ. बहुत समयसे बँधेहुए. Bound from a long time. विशे० १२०६;

बहुत्त. न० (बहुत्व) ઘણાપણું. अधिकता. Excess. विशे० १३८, १६१;

बहुदक. पुं० (बहूदक) જેઓ ગામમાં એક રાત અને શહેરમાં પાંચ રાત રહે અને જે મળે તેના ઉપર સંતુષ્ટ રહે એવા સન્યાસી. सन्यासी विशेष जो किसीभी ग्राममें एक रात्रि और नगरमें पांच रात रहें और जो कुछ मिलें उसीपर संतुष्ट रहें. An ascetic who stays in a village for a night, and in a city for 5 nights and is contented with what he receives. ओघ० ३८;

बहुपंडिया. स्त्री० (बहुपंडिता) ઘણું ભણેલી સ્ત્રી. शिक्षिता-विदुषी स्त्री. A learned lady. नाया० १४;

बहुपुत्तिय. न० (बहुपुत्रिक) એ નામનું નિરયાવલીયા સૂત્રનુ એક અધ્યયન. निरयावलीया सूत्रका इस नामका एक अध्ययन. A chapter of a Niryāvaliyā Sūtra, so named. निर० ३, १; (२) વિશાખા નગરીની બહારનું એક ઉદ્યાન. विशाखा नगरीके बाहरका एक उद्यान. A garden outside the city of Viśākha. भग० १८, ३;

बहुपुत्तिया. स्त्री० (बहुपुत्रिका) પૂર્ણભદ્ર યક્ષેન્દ્રની પટરાણી. पूर्णभद्र यक्षेन्द्रकी पटरानी. The chief queen of Purṇabhadra Yakṣendra. भग० १०, ५; ठा० ४, १;

बहुभंगिय. पुं० (बहुभंगिक) વિચ્છેદ ગયેલ બારમા દૃષ્ટિવાદ અંગના બીજા વિભાગ સૂત્રનો ત્રીજો ભેદ. विच्छिन्न बारहवें दृष्टिवाद अंगके दूसरे विभाग सूत्रका तीसरा भेद. The 3rd veriety of the 2nd section of the 12th Dṛṣṭivāda Aṅga (scripture) which is lost. नंदी० ५६;

बहुमित्तपुत्त. पुं० (बहुमित्रपुत्र) મથુરા નગરીના શ્રીદામરાજાના સુબંધુ નામે અમાત્યનો પુત્ર. मथुरा नगरीके श्रीदामराजाके सुबंधु नामक अमात्यका पुत्र. Son of the minister Subandhu of the king Śrīdāma of Mathurā city. विवा० ६;

बहुय. त्रि० (बहुक) વધારે; ઘણું. अधिक; बहुत. Much, excessive अणुजो० ८६; पन्न० ३; भग० ११, १०; २५, ४; उत्त० १, १०; नाया० १, २, ३, ८०; प्रव० १३६; दसा० ४, ३८; उवा० १, ८;

बहुयर. त्रि० (बहुतर) અતિ ઘણું. अतिशय; अधिकतर. Too much. सूय० २, ७, १३; नाया० ११; विशे० १६१;

बहुरय. पुं० (बहुरत) જમાલિનો મત; વસ્તુ એક સમયમાં થતી નથી પણ ઘણા લાંબા કાળે થાય છે એમ માનનાર. वस्तु एक ही समयमें उत्पन्न नहीं होती बल्कि उसे तयार होने दीर्घ कालकी अपेक्षा होती है इस आशयका जमालि मत. The doctrine of Jamāli, that an object is not produced at once but takes a very long period. विशे० २३००; ओघ० ४१;

बहुरूवा. (बहुरूपा) ભૂતના ઇન્દ્ર સુરૂપની પટરાણી. भूतोंके इन्द्र सुरूपकी पटरानी. The chief queen of Surap, Indra of goblins. भग० १०, ५; ठा० ४, १; नाया० ध० ५;

बहुल. त्रि॰ (बहुल) વધારે; ઘણું. अधिक; बहुत. Much; plenty. नाया॰ १; २; भग॰ १, १; ७, ६; उत्त॰ १०, १५; ओघ॰ २१; दसा॰ ६, ४; वव॰ ६, ३७; जं॰ प॰ ७, १५४; (२) કૃષ્ણપક્ષ; અંધારિયું; અંધારૂં. कृष्णपक्ष; अँधेरापख; बिदी The dark half of a month; darkness. ओघ॰ नि॰ २८५; भग॰ १२, ६; जं॰ प॰ आया॰ २, १५, १७६; सम॰ ३७; (३) વ્યાપ્ત. व्याप्त; फैलाहुआ. Occupied; spread. जीवा॰ ३, १; (४) ૨૪મા તીર્થંકરને પ્રથમ ભિક્ષા આપનાર ગૃહસ્થ. २४वें तीर्थंकरको प्रथम भिक्षा देनेवाला गृहस्थ. A man who gave alms first of all to 24th Tīrthaṅkara. भग॰ १५, १; सम॰ प॰ २३२; (५) વિચ્છેદ ગયેલ બારમા દૃષ્ટિવાદ અંગના બીજા વિભાગ સૂત્રનો ૧૩મો ભેદ. विच्छिन्न बारहवें दृष्टिवाद अंगके दूसरे विभाग सूत्रका १३वाँ भेद. The 13th variety of the 2nd section of the 12th Dṛṣṭivāda Aṅga (scripture) which is lost. नंदी॰ ५६; —दोस. पुं॰ (-दोष) હિંસાદિ પ્રવૃત્તિ દોષ. हिंसादि प्रवृत्ति दोष. Sin in the form of harmful tendency. भग॰ २५, ७; —पक्ख. पुं॰ (-पक्ष) કૃષ્ણપક્ષ; અંધારીયું. कृष्णपक्ष; अँधेरा पखवाड़ा; बिदी. The dark-half of a month. वव॰ १०, २; नाया॰ १०; सू॰ प॰ २०; जं॰ प॰ ७, १५२; उत्त॰ २६, १५; —पाडिवग्र. स्त्री॰ (-प्रतिपत्) કૃષ્ણપક્ષનો પડવો. कृष्णपक्षकी प्रतिपदा-एकम. The 1st date of the dark-half of a month. वव॰ १०, १२;

बहुला. स्त्री॰ (बहुला) શ્રી મહાવીર સ્વામિના ચુલશતક નામના શ્રાવકની સ્ત્રીનું નામ. श्रीमहावीर स्वामीके चुलशतक नामक श्रावककी स्त्रीका नाम. Name of the wife of chulaśataka voter of the lord Mahāvīra. उवा॰ ५, १५५;

बहुलीकय. त्रि॰ (बहुलीकृत) ઘણી વખત કરેલ. बहुधा-अनेकबार-कियाहुआ. Done many a time. नाया॰ ८;

बहुवत्तव्व. न॰ (बहुवक्तव्य) પ્રજ્ઞાપના સૂત્રના ત્રીજા પદનું નામ કે જેમાં જીવોનું અલ્પ બહુત્વનું વર્ણન છે. प्रज्ञापना सूत्रके तीसरे पदका नाम जिसमें जीवोंके अल्प-बहुत्वका वर्णन है. Name of the 3rd Pada of Pragñāpanā Sūtra which deals with the inferiority or profusion of jiva. पन्न॰ १;

बहुविध. त्रि॰ (बहुविध) ઘણા પ્રકારનું. कई तरहका. Of many varieties. प्रव॰ २१०;

बहुविह. त्रि॰ (बहुविध) ઘણા પ્રકારનું. विविध-विध; कई प्रकारका. Of different kinds. जं॰ प॰ ३, ४३; दस॰ ४, १४; दसा॰ ४, ३८; ५२; ठा॰ ६, १; —आगाम. त्रि॰ (-आगम) અનેક પ્રકારે આગમના જાણનાર. बहुविध आगमके ज्ञाता. Versed in scriptures in many ways. नाया॰ १६;

बहुव्वीहि. पुं॰ (बहुव्रीहि) બહુવ્રીહિ સમાસ. बहुव्रीहि समास. An adjectival compound. अणुजो॰ १३१;

बहुसच्च. न॰ (बहुसत्य) દસમા મુહૂર્તનું નામ. दसवें मुहूर्तका नाम. Name of the 10th Muhūrta (part of a day). सू॰ प॰ १०; जं॰ प॰ ७, १५२;

बहुसालय. न॰ (बहुशालक) બ્રાહ્મણકુંડ નગરની બહાર આવેલું એ નામનું એક ઉદ્યાન. ब्राह्मणकुण्ड नगरीके बाहरका एक उद्यान.

An orchard outside the city of Brāhmana kunda. भग० ६, ३३;

बहुसो. अ० (बहुशस्) વારંવાર; ઘણું કરીને. बारंबार; बहुत करके. Many times; often. नाया० ८; पिं० नि० ६४४; उत्त० ६, १; ३६, २५६; अणुजो० १३०; वव० १, ६; गच्छा० १३२; कप्प० २, ७५;

बहुस्सुईकय. त्रि० (बहुश्रुतीकृत) બહુ શાસ્ત્ર ભણાવેલ; બહુ શ્રુત-ગીતાર્થ બનાવેલ. बहुतसे शास्त्रोंको पढ़ाहुआ-को पढ़ानेवाला; बहुत श्रुत. (one) very learned; (one) who has taught many scriptures. भग० १५, १;

बहुहा. अ० (बहुधा) બહુ પ્રકારે. बहुधा; अनेकधा; प्रकार. In many ways. पिं० नि० भा० १५;

बहेलग. पुं० (बिभीतक) બેહડાનું વૃક્ષ. बेहडाका वृक्ष The tree of Baheḍā (a particular fruit). भग० २२, ३;

बाउसिय. पुं० (बाकुशिक) શરીરની શોભા કરવામાં આસક્ત થઇ ચારિત્રને મલીન કરનાર બકુશ નિયંઠો. शारीरिक सजावटके कारण चरित्रको दूषित करनेवाला बकुश नियंठा. An ascetic who pollutes his conduct being attached too much to bodily decoration. ओघ० नि० ४६५; (२) त्रि० બકુશ નિયંઠા સંબંધી. बकुशनियंठा सम्बन्धी. Pertaining to an ascetic having the said fault. पण्ह० २, ४;

बाढक्कार. न० (बाढक्कार) આ આમ છે, અન્યથા નથી એમ બોલવું તે; નિશ્ચયકારી બોલવું તે. निश्चयपूर्ण भाषण; यह यों है अन्यथा नहीं इस प्रकार दृढ़तापूर्वक बोलना. Speaking with a decision *e. g.* "this is so and not otherwise" विशे० ५६५;

बाण. पुं० (बाण) વૃક્ષ વિશેષ. वृक्ष विशेष. A particular tree. राय० ५२; जीवा० ३, ४; (२) તીર; બાણ. तीर; शर; बाण. An arrow. सूय० २, ६, ५२; प्रव० १५५४;

बाणउइ. स्त्री० (द्वानवति) બાણું; ૯૨. ब्यानवे; ६२. Ninety-two; 92. जं० प० १, १६;

बाणउइ. स्त्री० (द्वानवति) બાણું. ब्यानवे; बान्नु Ninety-two; 92. सम० ६२; क० गं० ६, ६०;

बाणारसी. स्त्री० (वाराणसी) બનારસ; કાશી. बनारस; काशी. Benares; Kāśī. उवा० ३, १२६; ४, १४६; १०, २७७;

बायर. त्रि० (बादर) સ્થૂલ; મોટું. स्थूल; मोटा. Gross; thick. भग० १, ६; ५, ७; ६, ३; ५; ७; ८, १; १८, ४; सू० प० १०; सम० १०; ठा० २, १; ५, २; (२) पुं० નામ કર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી જીવને સૂક્ષ્મ શરીરની અપેક્ષાએ મોટું શરીર મળે તે. नाम कर्मकी एक प्रकृति, जिसके उदयसे जीवको सूक्ष्म शरीरसे अपेक्षाकृत मोटा शरीर प्राप्त हो. A variety of karmic matter at whose appearance a minute body becomes gross पन्न० १; २३; (३) બાદર એકેંદ્રિયાદિ જીવ; જે શરીરરૂપે દેખાય તેવા જીવ-પૃથ્વી, પાણી વગેરે. बादर एकेन्द्रिय जीव; शरीररूपमें दीखनेवाले जीव यथा पृथ्वी, जल आदि. A one-sensed gross soul; sentient being which is visible in a bodily form *e. g.* the earth, water etc. भग० १६, ३; २५, १; ३३, १; (४) મ્હોટો દોષ; સ્થૂલ દોષ. मोटा-स्थूल दोष. A gross or palpable fault. भग० २५, ७;

—**अगणिकाइयत्ता.** स्त्री० (-अग्निकायिकता) બાદર-સ્થૂલ અગ્નિપણું. बादर-स्थूल अग्नि-भाव. The state of gross fire-embodiment. भग० ६, ५; —**आउ.** स्त्री० (अप्) બાદર પાણી. बादर-स्थूल जल. Gross water. भग० २४, १२; —**निओद-य.** पुं० (-निगोद) બાદર નિગોદ-સાધારણ વનસ્પતિ. बादर निगोद-साधारण वनस्पति. Gross vegetation; ordinary vegetation. भग० १६, ३; २५, ५; —**परिणय.** त्रि० (-परिणत) બાદર-સ્થૂલરૂપે પરિણામ પામેલ (પુદ્ગલ). बादर-स्थूलरूपमें परिणमित (पुद्गल). A (molecule) matured into a gross form. भग० १८, ६; २०, ५; —**पुढविकाइयत्ता.** स्त्री० (-पृथ्वीकायिकता) બાદર પૃથ્વીકાયપણું. बादर पृथ्वीकायभाव. The state of gross earth-embodiment. भग० ६, ५; —**पुढविकाय.** पुं० (पृथ्वीकाय) બાદર પૃથ્વીના જીવ. बादर-स्थूल पृथ्वीके जीव. The soul of gross earthly beings. भग० १५, १; —**बोंदिकलेवर.** पुं० (-बोन्दिकलेवर) એ નામે ગોસાલાને અભિમત કાળ વિશેષ. इस नामका गोसाला अभिमत काल विशेष. A period of time so named according to Gośālā. भग० १५, १; —**बोंदिधर.** त्रि० (-बोन्दिधर) બાદર શરીર ધારણ કરનાર. बादर-स्थूल शरीरधारी. (one) having a gross body. ठा० ५, १; —**वणस्सइकाइयत्ता.** स्त्री० (-वनस्पतिकायिकता) બાદર વનસ્પતિ કાય-પણું. बादर वनस्पति कायिकता. The state of gross vegetation-embodiment. भग० ६, ५;

बायरतरय. त्रि० (बादरतरक) અતિશય સ્થૂલ. अतिशय स्थूल. Very gross. भग० १६, ३;

बायर. त्रि० (बादर) સ્થુલ; દષ્ટિગોચર થાય તેવું; મ્હોટું. स्थूल; मोटा; दृष्टिमें आने योग्य. Gross; visible. भग० १, १; १, १-४; राय० २६; पिं० नि० २४३; उत्त० ३५, ५; ३६, ७८; नाया० १; जीवा० १; क० गं० १, २६; १, ४६; ६, ७८; प्रव० ६६७; क० प० १, १४; ६४; २, २६; ४३; —**आउकाइयत्ता.** स्त्री० (-अप्कायिकता) બાદર પાણીપણું. स्थूल जलकायिकता. The state of gross water-embodiment. भग० ६, ५; —**काअ.** पुं० (-काय) બાદર પૃથ્વીકાય. स्थूल पृथ्वीकाय. Gross earth-embodiment. उत्त० ३६, ७४; —**तसकाल.** पुं० (-त्रसकाल) બાદરત્રસ-બે ઇન્દ્રિયાદિકને બાદરત્રસપણે રહેવાનો કાળ. दो इन्द्रियवालोंको बादरत्रस रूपमें रहनेका काल. The period of time for the existence of two-sensed-beings etc. in a gross mobile form. क०प० २, ७४; —**तेउकाइय.** पुं० (तेजस्कायिक) બાદર અગ્નિના જીવ. बादर-स्थूल अग्निके जीव. The soul or living beings of gross fire. जीवा० १; —**नाम.** न० (-नामन्) બાદર નામ; નામ કર્મની એક પ્રકૃતિ, જેના ઉદયથી જીવ બાદર શરીર પામે. बादर नाम; नाम कर्मकी एक प्रकृति. जिसके उदयसे जीव बादर शरीर प्राप्त करे. A variety of Nāma karma matter at whose appearance a soul acquires gross body. सम० २८; —**पजत्त.** त्रि० (-पर्याप्त) બાદર પર્યાપ્તો. बादर पर्याप्त. A soul capable of developing the characteristics of a gross body. क० प० २, ७४; —**परित्त.** त्रि० (-प्राप्त) બાદર પર્યાપ્તો. बादर पर्याप्त. A soul capable of

developing all the charactristics of a gross body. प्रव० ११२४; —पवरण. पुं० (-पवन) બાદર-સ્થૂલ વાયુ. बादर-स्थूल वायु. Gross wind. क० प० ४, ६; —पुढवी. स्त्री० (-पृथ्वी) બાદર પૃથ્વી. स्थूल पृथ्वी. Gross earth. क० प० ४, १३; —वणस्सइकाइ. पुं० (-वनस्पतिकायिन्) જેનું શરીર બાદર વનસ્પતિ હોય તે; બાદર વનસ્પતિ કાયિક જીવ. बादर वनस्पति कायिक जीव. Having a gross vegetation for its body. जीवा० १; —वाउकाइय. पुं० (-वायुकायिक) જેનું શરીર બાદર વાયુ કાય હોય તે; બાદર વાયુકાયના જીવ. बादर-स्थूल वायुकायके जीव. The living beings of gross wind; having a gross wind-embodiment. जीवा० १;

बायरसंपराय. पुं० (बादरसंपराय) નવમા ગુણઠાણાનું નામ. नवें गुणठाणाका नाम. Name of the 9th spiritual stage. प्रव० ६६७;

बायाल. स्त्री० (द्वाचत्वारिंशत्) બેતાલીસ. बयाँलीस; ४२. Forty two; 42. ओघ० नि० ५०२; अणुजो० १४१; क० गं० १, २३; २, २०; —पुराणपगइ. स्त्री० (-पुण्यप्रकृति) બેતાલીશ પુણ્યપ્રકૃતિ. बयाँलीस पुण्यप्रकृति. Forty-two meritorious natures. क० गं० ५, १६;

बायालद्ध. न० (सार्द्धद्विचत्वारिंशत्) સાડા બેતાલીસ; ४२॥. सढे बयाँलीस. Forty two and a half. प्रव० ४१५;

बायालीस. स्त्री० (द्वाचत्वारिंशत्) બેતાલીસ. बयाँलीस; ४२. Forty-two. 42. जं० प० २, १६; भग० २, १-८; ६; ५; ७; ११, ११; १२, ६; १६, ६-६; सम० ४२; ओघ० ४३; अणुजो० १४२; पिं० नि० ६३४; नाया० १; पन्न० ४; कप्प० १, २;

बार. त्रि० (द्वादश) બારની સંખ્યા; ૧૨. बारहका अंक; १२. Twelve; 12. सम० ६५; पण्ह० १, १; क० गं० २, २६; —उवओग. पुं० (-उपयोग) બાર ઉપયોગ; પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન. बारह उपयोग; पांच ज्ञान, तीन अज्ञान और चार दर्शन. The 12 uses, applications *viz.* five kinds of knowledge, three of ignorance and four Darśanas. क० गं० ४, ८; —मुहुत्त. न० (-मुहूर्त) બાર મુહૂર્ત; ચોવીશ ઘડી. बारह मुहूर्त; चौबीस घड़ी. The 12 muhuratas (a measure of time). क० गं० ५, २७;

बारगा. स्त्री० (द्वारका) સૌરાષ્ટ્ર દેશમાં આવેલી શ્રી કૃષ્ણની રાજધાની; દ્વારકા નગરી. सौराष्ट्र देशस्थ श्रीकृष्णकी राजधानी; द्वारिका नगरी. The capital city of Śrī Kṛṣṇa in Gujarāta. उत्त० २२,२२;

बारवई स्त्री० (द्वारवती) દ્વારિકા નગરી. द्वारिका नगरी. The city of Dwārkā. सम० प० २३१; नाया० ५; १६; पण्ह० १, ४; निर० ५, १; कप्प० ६, १७३;

बारवती. स्त्री० (द्वारवती) દ્વારિકા નગરી કે જે શ્રી કૃષ્ણની રાજધાની હતી, જેને કુબેર ભંડારિએ બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી બનાવી હતી, જે હાલ "બેટ દ્વારિકા" તરીકે ઓળખાય છે. श्री कृष्णकी राजधानी द्वारिका जिसे कुबेरने बारह योजन लम्बी और नौ योजन चौड़ी बनाई थी जो हालमें बेट द्वारिका नामसे ख्यात है. The city of Dwārkā now known as "Beta Dwārkā" the capital of Śrī Kṛṣṇa

which was constructed by Kubera 12 yojanas in length and 9 in breadth (1 yojana= 8 miles). अंत० १, १;

बारस. त्रि० (द्वादश) બાર. बारह. Twelve. जं० प० १, ४; भग० १, ५; १०; २, ५; ५, ८; ८, ८; १२, ७; १४, ५; १५, १; २०, १-५; २४, १; ३१, १; सम० १२; अणुजो० १३३; विशे० ३४८, नाया० १; ५; १६; दसा० ७, १; पन्न० ४; सु० च० १, ३६१; क० गं० २, २२; ३४; ३, १७; पंचा० १८, २; उवा० १०, २७७; —**अह.** पुं० (-अहन्) બાર દિવસ. बारह दिन. Twelve days. नाया० १; विवा० ५; —**आहिय.** त्रि० (-आह्निक) બાર દિવસનું. बारह दिनोंका. Of 12 days. नाया० १६; —**पएसिय.** न० (-प्रदेशिक) યુગ્મ પ્રદેશિક જઘન્ય સંઠાણ-કે જે બાર પ્રદેશથી નિપજે છે. बारह प्रदेशमें उत्पन्न होनेवाले युग्म प्रदेशिक जघन्य संठाण. A yugmapradesika which is produced by 12 atoms. भग० २५, ३; —**भत्त.** पुं० (-भक्त) અગીયાર ટંક વીતાવી બારમે ટંકે જમવું તે; પાંચ ઉપવાસ ભેગા કરવા તે. ग्यारह टंक व्यतीत कर बारहवें दिन भोजन करना; पांच उपवासोंका एकत्रीकरण. Dining on the twelfth time having fasted for 11 times; observing of the 5 fasts together. ओघ० १६; —**भिक्खुपडिमा.** स्त्री० (-भिक्षुप्रतिमा) ભિક્ખુ-સાધુની બાર પડિમા-અભિગ્રહ વિશેષ. भिक्खु-साधुकी बारह पडिमा-अभिग्रह विशेष. A particular vow of an ascetic. नाया० १; —**मुहुत्त.** न० (-मुहूर्त) બાર મુહૂર્ત; ચોવીસ ઘડી. बारह मुहूर्त, चौबीस घड़ी. 12 Muhuratas (a period of time). भग० १, १०; —**वरिस.** न० (-वर्ष) બાર વર્ષ. बारह वर्ष. Twelve years. प्रव० ७६३; —**वासपरियाग.** त्रि० (-वर्षपर्यायक) બાર વરસની દીક્ષાવાળો. बारह वर्षोंकी दीक्षावाला. One for whose consecration 12 years have elapsed. वव० १०, २८-२६; —**समज्जिय.** त्रि० (-समर्जित) બાર બારના સમૂહથી અર્જન કરેલું; 'ડઝન.' बारह बारहके समूहमें अर्जित; 'डजनवार'. Arranged in a group of twelve. भग० २०, १०;

बारसम त्रि० (द्वादश) બારમું: બારમા નંબરનું. बारहवाँ; बारहवें संख्यावाला. Twelfth. पन्न० ४; नाया० १२; भग० २, १; १६, ८; २०, ३; (२) પાંચ ઉપવાસ ભેગા કરવા તે. पांच उपवासों का एकत्रीकरण Observing of the five fasts together. भग० २, १;

बारसय. त्रि० (द्वादशक) જુઓ "બારસ" શબ્દ. देखो "बारस" शब्द. Vide "बारस." भग० २८, १०;

बारसविह. त्रि० (द्वादशविध) બાર પ્રકારનું. बारह प्रकारका. Of twelve kinds. पंचा० १५, २६;

बारसी. स्त्री० (द्वादशी) બારસ. बारस; द्वादशी. The 12th date of a lunar month. जं० प० ७, १५३; विशे० ३४०७;

